This postposition *-e* has a large number of varieties of significance, some of which will be learnt from the following sentence * :—*Meñ māre hāthe tene māthe paghḍī bāndhī*, 'I with my own hand bound the *pagṛi* on his head.' It denotes *instrument, cause, measure of time, price, location*, &c. When it denotes *at* or *in* it may, like *māñ*, be followed by *-thī*; as, *te niśālethī nikaḷyo*, 'he came out of school.'

§ 7. III. *Conjunctions* (Vākyayogī *or* Ubhayānvayī).

These require little remark, though some few of them

* Quoted from Taylor's 'Gujarātī Bhāshāṇuñ Vyākaraṇ,' p. 37, § 79.

have peculiarities of use. For instance, *ke* and *athvā* both mean 'or,' but the former is used between nouns or single words, the latter between sentences; as, *Rājā* ke *rāṇī*, 'the king *or* the queen;' but *Te ā kām karśe*, athvā, *jo karī na śakśe, to marī jaśe*, 'He will do this work, *or*, if he cannot, then he will die.'

Instead of *ane*, 'and,' the shorter form *ne* is often used. This latter is distinguished from the postposition of the same form by the fact that the conjunction is not attached to the preceding word in writing and does not, of coursse require the oblique form of the word which precedes it.

If the former of two sentences connected with one another begins with *jo*, 'if,' expressed or understood (for it, like *jyāre*, 'when,' is often *understood*), the latter sentence must begin with *to*, 'then;' as, (*Jo*) *te āvśe*, *to huñ jaīś*, 'If he comes, then I shall go.' So also, if the former sentence contains such a word as *kadāpi*, *kadāchit* (*kadāch*), 'perhaps,' the latter must begin with *to*, *tathāpi* or *topaṇ*, 'then,' 'yet.'

Ke, 'that,' is used in quoting the words of a speaker, and is followed by the *oratio recta*.

§ 8. IV. *Interjections* (Kevaḷprayogī).

These require no special remark, being used in Gujarātī much as such words are in other languages. A few of the most common are:—*O*, *e*, *re*, *are*, *ere*, *oy*, *alī*, *alyā*, *vāh*, *vhāvā*, *chhī*, *āh*, *hā*, *hāhā*, *he*, &c.

CHAPTER VII.

Numerals.

The numerical signs in Gujarātī are: ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, = 1, 2, 3, &c. Fractions are written thus:—$\frac{1}{4}$ = ૦। ; $\frac{1}{2}$ = ૦।। ; $\frac{3}{4}$ = ૦।।। ; as 1$\frac{1}{2}$ = ૧।। ; 3$\frac{3}{4}$ = ૩।।।.

§ 1. The Cardinals are :—

1. *ek*	18. *arāḍh, aḍhār*	35. *pāntrīs*
2. *be*	19. *ogaṇīs*	36. *chhatrīs*
3. *traṇ*	20. *vīs*	37. *sāḍtrīs*
4. *chār*	21. *ekvīs*	38. *āḍtrīs*
5. *pānch*	22. *bāvīs*	39. *ogaṇchāḷīs*
6. *chha*	23. *trevīs*	40. *chāḷīs*
7. *sāt*	24. *chovīs*	41. *ektāḷīs*
8. *āṭh*	25. *pachīs*	42. *betāḷīs*
9. *nav*	26. *chhavīs*	43. *t(r)etāḷīs*
10. *das, daś*	27. *sattāvīs*	44. *chuñvāḷīs*
11. *agiār*	28. *aṭh(ṭh)āvīs*	(*chuñmāḷīs*)
12. *bār*	29. *ogaṇvīs*	45. *pistāḷīs*
13. *ter*	30. *trīś, trīs*	46. *chhetāḷīs*
14. *chaud*	31. *ektrīs*	47. *suḍtāḷīs*
15. *pañdar*	32. *batrīs*	(*saḍtāḷīs*)
16. *soḷ, sol*	33. *tetrīs*	48 *aḍtāḷīs*
17. *satar, sattar*	34. *chotrīs*	49. *ogaṇpachās*

50. *pachās*
51. *ekāvan*
52. *bāvan*
53. *trepan*
54. *chopan*
55. *panchāvan*
56. *chappan*
57. *sattāvan*
58. *aṭhṭhāvan*
59. *ogaṇsāṭh*
60. *sāṭh*
61. *eksaṭh*, *ekseṭh*
62. *bāsaṭh*, *-seṭh*, (&c.)
63. *tresaṭh*
64. *chosaṭh*
65. *pānsaṭh*
66. *chhāsaṭh*
67. *saḍsaṭh*
68. *aḍsaṭh*
69. *aganoter* (*agaṇoter*)
70. *siter*
71. *ikoter*
72. *bhoter* (*bohoter*)
73. *toter* (*tohoter*)
74. *chuñmoter*
75. *panchoter*
76. *chhoter*
77. *sattoter* (*sittoter*)
78. *aṭhṭhoter* (*iṭhṭhoter*)
79. *agnoeñśī* (*ogaṇyāsī*)
80. *eñśī*, *heñsī*
81. *ekāśī*, *-āsī*, (&c.)
82. *bāśī*
83. *trāśī*, *tyāsī*
84. *chorāśī*
85. *panchāśī*
86. *chhāśī*
87. *sattāśī*
88. *aṭhṭhāśī*
89. *nevāśī* (*nevyāsī*)
90. *nevuñ*
91. *ekāṇuñ*
92. *bāṇuñ*
93. *trāṇuñ*
94. *chorāṇuñ*
95. *panchāṇuñ*
96. *chhannuñ*
97. *sattāṇuñ*
98. *aṭhṭhāṇuñ*
99. *navāṇuñ* (*navyāṇuñ*)
100. *soñ*, *so*
200. *baseñ*
300. *traṇseñ*
400. *chārseñ*
500. *pānchseñ*
1,000. *ek hajār*
2,000. *be hajār*
100,000. *lākh*
1,000,000. *das lākh*
10,000,000. *karoḍ*

It will be noticed that in some instances more than one form is used.

§ 2. *Ordinals.*—These are: 1st, *pehelo, -ī, -uñ*; 2nd, *bījo*; 3rd, *trījo*; 4th, *chotho*; 5th, *pāncho*; 6th, *chhaṭho*; 7th, *sātmo*; 8th, *āṭhmo*; the ordinals after the 6th being formed by attaching the ending *-mo, -mī, -muñ*, to the cardinals. The ordinals are regular declinable adjectives.

Multiplicatives.—The formation of these will be clear from the following examples:—*bamaṇuñ*, 'double;' *tramaṇuñ*, 'treble;' *chogaṇuñ*, 'fourfold;' *chhagaṇuñ*, 'sixfold.' These (the forms I have given being *neut.*), are declined regularly; as, *dasgaṇ-o, -ī, -uñ*, 'ten-fold,' &c. Another series is formed by adding *-vaḍuñ* to the cardinal; as, *bevaḍo, -ī, -uñ*, 'double;' *trevaḍo, -ī, -uñ*, 'triple,' &c.

Fractions.—One quarter, *pā*; one half, *aḍdho* or *ardho*; three quarters, *poṇo*; one and a quarter, *savā*; one and a half, *doḍh* or *dohoḍ*; one and three quarters, *poṇā be*; two and a quarter, *savā be*; two and a half, *aḍhī* or *haḍī*; three and a quarter, *savā traṇ*; three and a half, *sāḍā traṇ*; four and a half, *sāḍā chār*, &c. So also 75 may be expressed by *poṇo so* (*i.e.* $\frac{3}{4}$ of 100); 250 by *aḍhīseñ* ($2\frac{1}{2}$ hundreds), &c.

The addition of *-e* to a numeral denotes 'all'; as, *traṇ*, 'three; *traṇe*, 'all three.' 'Both' is denoted by *beu*, and also by *bandhe* and *banne*. *Eke* means 'just one.'

'And' between numerals which form part of one number is omitted in Gujarātī; as, *ek soñ traṇ*, 'one hundred *and* three.'

§ 3. The following are a few *nouns* denoting number:—

Beluñ, 'a couple.'			
ṭako, 'a triad.'			
chok, a number containing four.			
panchak,	,,	,,	five.
chhak,	,,	,,	six.
sātuñ,	,,	,,	seven.
āṭhuñ,	,,	,,	eight.
navak,	,,	,,	nine.
dasak,	,,	,,	ten.

koṭī, } a score.
kuṇṭī, }

sainkuñ, } one hundred.
sekḍuñ, }

CHAPTER VIII.

Formation of Words: Compounds.

§ 1. The great majority of words in the Gujarātī language are derived from the Sanskrit. It would be out of place here to explain the formation of Sanskrit compounds,—information which the student may easily obtain, if he pleases, from Monier Williams' "Sanskrit Grammar," ch. viii., sect. 1. But some words are in Gujarātī formed by certain Gujarātī affixes, the principal of which necessarily find a place here.

(*a*) To denote 'state,' *-paṇ* or *-paṇuñ* is added to adjectives or nouns; as, *sagpaṇ*, 'relationship;' *bāḷpaṇ*, 'childhood;' *uparīpaṇuñ* (from *uparī*, 'overseer'), 'superintendence;' *nādānpaṇuñ*, 'ignorance.'

(*b*) To the stems of some verbs and adjectives *-āī* is added; as, *murkhāī*, 'folly;' *chaturāī*, 'cleverness,' 'cuteness.'

(*c*) The termination *-ī* has many meanings, as will be seen from the following examples:—*rogī*, 'sick' (from *rog*, 'disease'); *ghaḍīāḷī*, 'a watchmaker' (from *ghaḍīāḷ*, 'a watch, clock'); Hindustānī, 'a native of Hindūstān.'

(*d*) The affix *-īyo, īo, yo, aiyo*, forms adjectives and nouns; as, *bhūkhyo*, 'hungry' (from *bhūkh*); *bhomīo*, 'a guide;' *gavaiyo*, 'a singer.'

(*e*) *Āṭ*, *-āṭo*, *-vaṭ*, *-vaṭo*; as, *gamrāṭ*, 'confusion;' *jhapāṭo*, 'a blast;' *sāchvaṭ*, 'truthfulness;' *bhogvaṭo*, 'sensual pleasure.'

(*f*) *-Vān*, *-vant*, denote 'possessing;' as, *baḷvān*, 'strong;' *dhanvant*, 'wealthy.'

(*g*) The addition of *-ḍo*, *-ḍī*, *-ḍuñ*, forms substantives and adjectives, originally (and still in many cases) *diminutives*; as, *nāv*, 'a ship' (*n.* in Gujarātī, though *f.* in Sanskrit, Latin and Greek); *nāvḍī*, 'a boat;' *nāvduñ*, 'a large vessel:' *loḍhuñ*, 'iron;' *loḍhī*, 'an iron bread-pan:' *gāmḍuñ*, 'a small village.'

(*h*) *-Tā*, *-tva*, form abstract nouns; as, *pavitratā*, 'holiness;' *dāstva*, 'slavery.'

(*i*) *-Vāḷ* denotes 'keeper;' *koṭvāḷ*, 'commander of a fort,' 'police-officer.'

(*j*) *-Vāḷo*, *-vāḷī*, *-vāḷuñ*, forms nouns and adjectives; as, *vichārvāḷo*, 'thoughtful;' *ṭopīvāḷo*, 'hat-wearer (European); &c. This affix is often added to the latter of two words closely united together in a sentence; as, *sonerī sājvāḷā hāthīo*, 'elephants with golden trappings;' *māṭhā pariṇāmvāḷī rūḍhīo*, 'corrupt idioms.'

(*k*) The usual termination added to the verbal stem to denote the 'agent' is *-nār*; as, *bechnār*, 'a seller.'

(*l*) Another (Sanskrit) is *ak*; as, *pāḷak*, 'supporter' (from *pāḷvuñ*, 'to nourish, rear'); *geṭāpāḷak*, 'shepherd.'

(*m*) The Persian affix *-dār* ('possessor') is sometimes

added to Gujarātī words; as, *vahīvaṭdār*, 'officer,' 'collector' (from *vahīvaṭ*).

(*n*) *-āḷ*, *-āḷo* (*-ī*, *-uñ*), forms adjectives; as, *rasāḷ*, 'juicy,' 'sappy,' 'fertile' (from *ras*, 'juice'); *retāḷ*, 'sandy,' for *ret*, 'sand;' *muchhāḷo*, 'a man with a long mustachio' (from *muchh*, 'mustache'). So also, *Sundar pīchhāḷāñ pakshī*, 'beautifully feathered birds.'

(*o*) *-ḷu* is used somewhat similarly; as, *dayāḷu*, 'merciful' (from *dayā*, 'mercy'). *-Lo*, *-lī*, *-luñ*, is another termination to form adjectives; as, *Sindhmāñhelā loko*, 'people in Sindh.'

(*p*) *-at* and *-atī* added to the root of verbs form nouns; as *gamat*, 'amusement' (from *gamvuñ*, 'to approve of'); *gaṇatī*, 'numbering' (from *gaṇvuñ*, 'to count').

(*q*) *-nā* forms a few nouns; as, *sūchnā*, 'a suggestion' (from *sūchavavuñ*, 'to suggest').

(*r*) *ādi* is added with the meaning of *etc.*; as, *Krishṇ, Devī, Śivādi*, 'Krishna, Devī, Śiva, &c.'

§ 2. Feminine nouns are often formed from masculines, denoting living beings, by the change of the masculine termination or the addition of one peculiarly feminine.

(*a*) If the masc. noun ends in *-o*, the fem. takes *-ī*; as, *chhokro*, 'a boy,' *chhokrī*, 'a girl;' *ghoḍo*, 'a horse,' *ghoḍī*, 'a mare;' *beṭo*, 'a son,' *beṭī*, 'a daughter.' Also *dev*, 'a god,' *devī*, 'a goddess.'

(*b*) When the masc. ends in *ī* or a consonant, the termi-

nation fem. is *-aṇ, -eṇ, -aṇī* or *-āṇī*; as, *mochī*, 'a bootmaker,' *mochaṇ*, 'a bootmaker's wife;' *bhāī*, 'a brother,' *beheṇ*, 'a sister' (irreg.); *śeṭh*, 'a merchant, &c., *śeṭhāṇī*, 'a merchant's wife;' *paṭel*, 'headman of a village,' *paṭelāṇī*, 'a Paṭel's wife;' *piśāch*, 'a goblin,' *piśāchaṇī*, 'a female goblin.'

Another fem. termination is *-ḍī*; as, *chākar*, 'a man-servant,' *chākarḍī*, 'a female servant;' *ūndar*, 'a rat,' *undarḍī*, 'a female rat;' *Bhīl*, 'a Bhīl,' *Bhīlḍī*, 'a female Bhīl;' *gulām*, 'a slave,' *gulāmḍī*, 'a female slave' (contemptuously).

(c) Somewhat irregular are:—*nar*, 'male,' *nārī*, 'a female;' *rājā*, 'a king,' *rāṇī*, 'a queen;' *brāhmaṇ*, 'a Brahmaṇ,' *brāhmaṇī*, 'a female Brahmaṇ;' *vāṇīo*, 'a shopkeeper, *vāṇīeṇ*, 'a shopkeeper's wife.'

§ 3. *Compounds.*

Gujarātī compounds (as distinguished from Sanskrit compound words introduced into the language) are generally formed by the mere juxtaposition of the simple words. They will be best illustrated by a few examples. E.g :—

Rājdarbār, 'a royal court,' 'a levee;' fr. *rāj* or *rājā* and *darbār*.

Gharkām, 'housework;' fr. *ghar*, 'house,' and *kām*, 'work.'

Rītbhāt, 'manners and customs.'

Kav'tārūp, 'poetical.'

Yūropkhaṇḍ, 'the continent of Europe.'

Vāyubharelī mashak, 'an air-filled water-skin.'

Hīrāmāṇeke jaḍelāñ tathā motīnāñ ghareṇāñ pahere chhe, 'They wear ornaments set with diamonds-and-rubies and made of pearls.' Here the first word is composed of *hīrā*, pl. of *hīro*, 'a diamond;' *māṇek*, 'a ruby,' and the postposition *-e*.

A slightly different kind of compound is formed by inserting *o* between two repetitions of the same word; as, *deśodeś*, 'from country to country;' *hajārohajār*, 'thousands of thousands.'

Not a few nouns and verbs are formed by adding an unmeaning word to one which has the meaning to be expressed; as, *farvuñ*, 'to turn;' *farvuñ harvuñ*, 'to walk about.' (Cf. Panjābī, *pāṇī-wāṇī*, *roṭī-woṭī*; Urdū, *shor-bhor*; Persian, *āb-māb*; French, *pêle-mêle*; English, *shilly-shally*.)

CHAPTER IX.

Syntax.

Much of the Syntax of the language has already been introduced where it seemed likely to be most easily remembered. In this chapter we deal with the few points which still remain to be elucidated, but omit a detailed account of those common to most Indo-European tongues, regarding which error is almost impossible.

§ 1. In Gujarātī, the usual order of words in a sentence is,—(1) Subject; (2) Indirect Object; (3) Direct Object; (4) Predicate: but this may be altered for the sake of emphasis.

When a number of nouns, all in the same case and governed by one and the same postposition, occur in a sentence, the postposition is generally attached only to the last noun, though they are all in the oblique form. As, *Te rājāe bahu loko, purusho, strīo ne chhokrāño*ne *mārī nāñkhyāñ*, 'That king killed many people—men, women and children.'

But in such sentences it is a common practice to put the whole of the nouns in the *absolute* state, and then place the *oblique* plural of the pronoun *e* or *te* after them, adding the postposition required to the pronoun only. As, *Mārā*

pitā, mārā mitro ne mārā dīkrāo, teoe *ā kām kīdhuñ;* 'My father, my friends and my sons, *they* did this work.'

If two or more nouns of the same gender have a common predicate, that predicate is plural, but agrees with the subjects in gender. But if the subjects be of different genders, the predicate is put in the *neuter* * plural. As, (1) *Māro dīkro ane teno mitr* sāā *chhe*, 'My son and his friend are good.' But (2) *Māro dīkro ne mārī dīkrī* sārāñ *chhe*, 'My son and my daughter are good.' *Sulochanī ne teno bhāī nagarbhaṇī* hiṇḍyāñ, 'Sulochanī and her brother walked towards the city.'

§ 2. The predicate, whether it be a verb or an adjective, may be put in the *plural* to show respect, even if the subject be in the *singular*. In such cases, if the subject be *masculine* the predicate is also masculine; but if the subject be *feminine*, respect requires that the predicate be NEUTER plural. As, (1) *Rājā* āvyā *chhe*, 'the king has come;' but, (2) *temnī sāthe rāṇī paṇ* āvyāñ *chhe*, 'with him the queen has also come.'

If there be in a sentence several subjects of different genders joined by the *disjunctive* conjunctions *vā, āthvā, ke*, the predicate agrees in gender and number with that nearest to it; as, *teno ghoḍo* ke *tenī gāy marī gaī*, 'his horse *or* his cow died.'

When an impersonal verb is put in the passive, the noun which was the subject of the verb is put in the oblique

* This strange idiom occurs also in the Icelandic language.

form with *-thī*, and the verb becomes impersonal neuter; as, *Huñ beṭho*, 'I sat,' which becomes *mārāthī besāyuñ*.

§ 3. The Infinitive and Gerundive when used as subjects require the agent, if a noun, to be put in the oblique form with *-e*; and if a pronoun, in what we may call the dative (*māre, tamāre*, &c.); as, *Strīoe ā chopḍī vāñchvī chhe*, 'Women ought to read this book;' *māre e kām karvuñ nathī*, 'I must not do that.' If the Infinitive when used as a subject governs any object, then it must agree with its object in gender and number, though not in case; as, *Māṇase amne Devnā marmonā kārbhārīonā jevā* gaṇvā, 'Men should account us as stewards of the mysteries of God.' In such sentences the verb *to be* is often omitted.

The infinitive may be declined exactly as a noun, and the gerundive as an adjective. The *oblique singular* of the infinitive, with or without *-ne*, is used after another verb to denote purpose, &c.; as, *tene hiāñ rehevā dyo*, 'let him stay here;' *te bādśāh deś jītī levā(ne) āvyo*, 'that king came to conquer the country.'

§ 4. The preterite of a verb, both active and passive, may be used as a gerund by affixing any postposition and changing the absolute form of the verb into the oblique; as, *te jaṇāyo*, 'he was born;' *te jaṇāyā vagar*, 'after he was born;' *Parameśvarnī stuti kīdhā pachhī*, 'after having praised God;' *maraṇ pāmyā pehelāñ*, 'before having died;' *paisā līdhā vinā*, 'without having taken the money.' A very slightly altered construction is seen in *Sikandarnā muā pachhī*, 'after Alexander's having died.'

The 1st Plural Aorist is used quite indefinitely in many cases; as, *Nīche* āvīe, *tyāre medānmāñ ek moṭuñ koṭ dekh-āśe*, 'When *we* (*i.e.* one comes) come down, then a large fort will be seen in the plain.' 'We' is sometimes used in English in this sense, but we more commonly say 'you' or 'one.'

§ 5. The Gujarātī language can express several varieties of meaning in the Imperative:—

(1) The simple Imperative is used when it is desired that the command be immediately executed; as, *tame ā chopḍī vāñcho*, 'Read this book.'

(2) If the command is intended to be obeyed after some interval, the *j* forms of the Future are employed; as, *tame ā chopḍī vāñchjo*, 'you will read this book.'

(3) If a polite injunction is intended, the ordinary Future is employed; as, *tame ā chopḍī vāñchśo*, 'you will (kindly) read this book.'

(4) To imply *duty*, the Gerundive is employed; as, *tamāre ā chopḍī* vāñchvī, 'You *should* read this book.'

§ 6. The negative of the simple imperative is formed by adding *mā* or *māñ* after it; as, *tame ā chopḍī vāñcho mā*, 'Don't read this book.'

That of the second form above given—the Future Imperative—is formed by placing the verb in the *present participle* and adding *nahi*; as, *tame ā chopḍī vāñchtā nahi*, 'You *shall not* read this book.'

The verb *devuñ* is used with the *oblique* infinitive of

another verb to imply *permission* (as *denā* is in Hindī and Urdū); as, *Tane e kām karvā huñ daīś nahi*, 'I shall not permit thee to do that work.'

§ 7. *Idiomatic Phrases.*

In Gujarātī the 1st Personal Pronoun *precedes* the second, and the second the third, as in Latin. Thus instead of saying 'He and I,' we say in Gujarātī, 'I and he' (*huñ ne te*).

Instead of saying, 'Neither my friend nor his daughter has gone,' we more commonly say, 'My friend or his daughter, no one has gone,' (*māro mitr ke tenī dikrī, koī gayuñ nathī*), the *koī* taking a *neuter* participle because it refers to either of two subjects, one of which is masculine and the other feminine. In similar sentences, when *things* are mentioned instead of persons, *kaīñ* is used instead of *koī*.

As the *oratio obliqua* is unknown in Gujarātī, the *oratio recta* is used instead. Such a sentence therefore as, 'The queen said that she would go home,' would be rendered thus, *Rāṇīe kahyuñ ke, huñ gher jaīś*, (literally, "The queen said that, 'I shall go home'").

When the subject in a sentence is a subordinate sentence, as, 'I heard that he had gone,' it is often better to put the subordinate sentence first, and then to place *e* or *te* after it; as, *Te gayo hato, e meñ sāmbhaḷyuñ* (literally, 'He had gone,—this I heard').

A *title* in Gujarātī, as in most Sanskritic languages

follows the proper name to which it is attached; as, *Rāmdās Śeṭh*, almost = 'Mr. Rāmdās.'

In interrogative sentences no change in the order of the words occurs, but *śuñ*, 'what?' is placed either before or after the sentence; as, *Śuñ te āvyo chhe?* 'What? has he come?'—or, *te āvyo chhe śuñ?* Frequently *ke* takes the place of *śuñ* at the end of such a sentence, and sometimes *both* are used together; as, *teo chālī gayā chhe ke śuñ?* 'Have they gone away?' (literally, 'Have they gone away, or what?')

APPENDIX A.

There are many words in Gujarātī which occur in other languages also in a more or less varied form. Some of these are pure Gujarātī words derived from the Sanskṛit; others are taken from Arabic, Persian, &c. A few observations upon the forms which words of both classes assume in Gujarātī may perhaps be found useful, especially to those acquainted with any of the languages above mentioned.

While Hindī shows a preference for the sound *b*, Gujarātī prefers *v*. Hence in many instances a vocable beginning with *b* in Hindī has *v* as its first letter in Gujarātī. E.g., Hin. *banniā*, Guj. *vāṇīo*: Hin. *bikhai*, Guj. *viśe*: Hin. *binā*, Guj. *vinā*: Hin. *parbbat*, Guj. *parvat*, &c. Here Gujarātī resembles the Sanskṛit more closely than spoken Hindī.

Gujarātī also prefers *ā* to *a*: hence *mākhan* for Hin. *makkhan*: Guj. *mākhī* for Hin. *makkhī*.

But *ai* becomes *e*, *au* becomes *o* in Gujarātī; as, Guj. *pēdā* for Urdu and Pers. پَیدا : *besvuñ* for Hin. *baiṭhnā*: *pesvuñ* for Hin. *paiṭhnā*: Guj. *ōlād* for Arab. اَوْلاد : Guj. *mot* for Arab. مَوْت : Guj. *tōbā* for Arab. تَوْبه : Guj. *londī* for Hin. *laundī*.

And *e* in Hin. sometimes becomes *ā* in Guj.; as, Hin. *mera*, Guj. *māro*: Hin. *terā*, Guj. *tāro*.

U is usually unchanged, but sometimes becomes *a*; as, Hin. *tum*, Guj. *tame*: Hin. *tumhārā*, Guj. *tamāro*.

Hindī *ṛ* becomes *ḍ*, and *ṛh* becomes *ḍh* in Guj.; as, *doḍvuñ* for *dauṛnā*; *chaḍhvuñ* for *chaṛhnā*.

Hindī *ṭh* sometimes becomes *s*; as, Hin. *paiṭhnā*, Guj. *pesvuñ*.

Such words as have *i* in the stem in Hindī have generally *a* instead in Gujarātī; as, Hin. *bigaṛnā*, Guj. *vagaḍvuñ*: Hin. *likhnā*, Guj. *lakhvuñ*: Hin. *milnā*, Guj. *maḷvuñ*. But *i* in Arabic and Persian words is generally represented by *e* (pronounced somewhat *short*) in Guj.; as, Guj. *sāheb* for Arab. صاحِب: Guj. *hākem* for Arab. حاکِم.

A before *h* in Arabic words is changed into *e* in Gujarātī; as, Guj. *sehelo* for Arab. سَہل: Guj. *vehem* (and contracted *vem*) for Arab. وَہْم. Similarly, Pers. شَہْر becomes in Guj. *śeher* and *śaher*: Arab. and Pers. مِحْنت becomes Guj. *mehnat*: Arab. رَحْم becomes Guj. *rehem*.

Sanskrit *vy* (Hindī *by*), followed by a vowel, often becomes *ve*; as, Guj. *vehevār* = Hin. *vyavahār*: Guj. *vepār* for Hin. *byupār*.

Arabic ق (*q*) becomes *kh* if it occurs after a vowel;

as, Guj. *vakhat*, Arab. وَقت. Otherwise it is generally changed into *k*; as, Guj. *kabūl*, Arab. قُبول.

The *z* sounds of Urdū and Persian (and of the letters ذ ض ظ in words introduced from Arabic into those languages) become *j* in Gujarātī; as, *jūlam* for ظُلم: *jakāt* for زکاۃ.

The double letters in such words as حَقّ, مُحَمَّد, مُدَّت, &c., when introduced into Gujarātī, become single; as, *hak*, *Mahamad*, *mudat* (or *mudad*).

Sometimes letters are transposed; as, Guj. *gunhā* for Pers. گُناه: Guj. *ṭīpvuñ* for Hin. *pīṭnā*.

Gujarātī has a preference for the sounds of *ḷ* and *ṇ* after long vowels, in this resembling Panjābī rather than Hindī. *Ḍ* sometimes takes the place of the Panjābī *ḷ*; as, Panj. *uṭhāḷnā*, Guj. *uṭhāḍvuñ*.

Sometimes an extra long vowel *ā* is inserted in Gujarātī in words borrowed from Persian; as, Guj. *śāhājādo* and *śāhjādo* for Pers. شاهزاده: Guj. *bāhādurī* for Pers. بَهادُري.

The Arabic letters ع and ح when they occur at the end of a word without a long vowel prefixed become *ā* and *e* respectively in Gujarātī; as, جَمْع, Guj. *jamā*: فَتح, Guj. *fate*.

W in Hin. sometimes becomes *m* in Guj.; as, Hin. *pāñchwāñ*, Guj. *pāñchmo*: West Panjābī *pāwaṇā*, Guj. *pāmvuñ*.

In adverbial terminations, the Urdū *yūñ* (Old Hin. *yoñ*) becomes *-em* in Guj.; as, Old Hin. *tyoñ*, Hin. and Urdu *tyūñ*, Guj. *tem*.

In Gujarātī, *ū* and *ī* are frequently substituted for *u* and *i*, and *vice versa*.

If a word taken from another language *ends* in *-ā* or *-a*, this generally becomes *-o* in Guj., but occasionally changes to *-uñ*; as, Guj. *mevo*, from Pers. مَیوه : Guj. *śāhājādo* for Pers. شاهزاده : but Guj. *paranduñ* for Pers. پرنده.

Many words are formed by reduplicating the stem; as, *mārāmārī*, 'quarrel,' from *mārvuñ*, 'to strike.'

APPENDIX B.

TRANSLITERATION.

In order to give the student practice in transliteration before proceeding to the Second Part, we here append a few lines of Gujarātī with a transliteration in accordance with the system adopted in this Grammar.

સારો પવન જોઈને પછી અમે બોર્નિઓ બેટમાંથી
Sāro pavan joīne pachhī ame Bornio beṭmāñthī

નીકળ્યા, પણ આગળ ચાલતાં તોફાન લાગવા માડ્યું.
nīkaḷyā, paṇ āgaḷ chāltāñ tofān lāgvā māḍyuñ.

કેટલાક દહાડા લગી તો અમારૂં વહાણ ઉછળતુંજ
Keṭlāk dahāḍā lagī to amāruñ vahāṇ ūchhaḷtuñj

રહ્યું. છેવટે પવન નરમ પડ્યો, અને દરિયો જરા
rahyuñ. Chhevaṭe pavan narm paḍyo, ane dariyo jarā

ધીમો થયો, એટલે બહુ છેટે અમે એક મછવો ડબકાં
dhīmo thayo, eṭle bahu chheṭe ame ek machhvo ḍabakāñ

ખાતો દીઠો. દૂરબીનમાંથી જોયું તો કેટલાંક આદમી
khāto dīṭho. Dūrbīnmāñthī joyuñ to keṭlāñk ādmī

મારા બાપે દીઠાં, અને તે દુઃખની નિશાનીનો વાવટો
mārā bāpe dīṭhāñ, ane te duhkhnī niśānīno vāvaṭo

ચઢાવતાં હોય એવાં જણાયાં. તેથી અમે અમારૂં
chaḍhāvatāñ hoy evāñ jaṇāyāñ. Tethī ame amāruñ

વહાણ તેણીતરફ લેઈ ગયા, પણ દરિયાની ભારે
vahāṇ teṇītaraf leī gayā, paṇ dariyānī bhāre

છોળોને લીધે ત્યાં પહોંચીને તે મછવામાંહેના
chhoḷone līdhe tyāñ pahoñchīne te machhvāmāñhenā

લોકને અમારા ઝાઝપર લેતાં ઘણી વાર લાગી.
lokne amārā jhājhpar letāñ ghaṇī vār lāgī.

તેપર પાંચ આદમી હતાં, તેમાં માત્ર એક જણનેજ
Tepar pāñch ādmī hatāñ, temāñ mātr ek jaṇnej

બોલવાની શુદ્ધિ હતી.
bolvānī śuddhi hatī.

"Finding the wind favourable, we then left the island of Borneo, but as we went forward a storm began to come on. For some days accordingly our vessel continued to toss about. At last the wind fell ('fell quiet'), and the sea became somewhat calm; then very far off we saw a boat rolling. When looked at through the telescope, my father saw (in it) several persons, and they were perceived to be flying the distress signal-flags. Therefore we brought our vessel towards them, but on account of the heavy sea-billows much time was spent in arriving there and taking the people in the boat on board our own ship. There were five persons on board it, and among them only one had sufficient consciousness to speak."

PART II.

GUJARĀTĪ READING LESSONS.

INDEX.

GUJARĀTĪ READING LESSONS.

I. MUHAMMAD.

કોરેશ નામની અરબ લોકોમાં એક ઉંચી જાત છે, તેના સ્થાપનારાના વંશમાં મહમદ જન્મ્યો હતો. તે હાશિમના કુળનો હતો, અને તેના વંશોનાં નામ અરબી વંશાવળીઓમાં ચોકસાઈથી રાખેલાં છે. હાશેમનો છોકરો અબ્દુલ્ મોતાલેબ્ એકસો દશ વર્ષની ઉમર સુધી જીવ્યો. અબ્દુલ્લા નામનો તેનો એક નાહાનો છોકરો વાહેબની ખુબસુરત છોકરી આમિના સાથે પરણ્યો. આ બે જણને ઘરે મહમદ ઈસવી સન* ૫૭૦ ના વર્ષમાં મક્કા શેહેરમાં જન્મ્યો. તેના જન્મ્યા પેહેલાં અથવા તેના બચપણામાં તેનો બાપ મરી ગયો; અને તેની મા પણ તેને આઠ વર્ષનો મેહેલીને મરી ગઈ. તેને વારસામાં માત્ર પાંચ ઉંટ, અને એક ગુલામડી એટલું આપ્યું, તેથી તેને તેના દાદાના હાથ તળે રેહેવું પડ્યું. મહમદને

* The contraction for this is ઈ. સ.

તેના દાદાએ મરતી વેળાએ તેના છોકરા અબુતાલેબ, જેને તેની માલમતા મળી, તેને સ્વાધીન કર્યો. મહમદ બરોબર વચનો થયો* તારે તેણે તેને વેપારનું કામ સીખવ્યું. તે પચીસ વર્ષનો થયો તાંહાં સુધી પોતાના કાકાની ચાકરીમાં રહ્યો; એટલીજ વાત તેના બચપણા વિશેની માલુમ છે.

મૂસા તથા ઈશુ ઈશ્વરના પ્રાચીન મોકલેલાઓ, અને મહમદના પૂર્વાધિકારીઓ, જારે જન્મ્યા તારે જેવા ચમત્કારો થયા હતા તેવાજ ચમત્કારો મહમદ જન્મ્યો તારે પણ થયા, એવું મુસલમાની કિતાબોના લખનારાઓ લખેછે. તેઓ લખેછે કે મહમદ પેગંમબર જન્મ્યો તે વેળાએ એક પ્રકાશ એવો તો થયો હતો કે તેથી સિરીઆ દેશના સઘળા કીલ્લાઓ, શેહેરો, અને ગામડાંઓમાં તેથી ઉજાસ પડ્યો હતો; તથા સાવા સરોવરનાં પાણી બિલકુલ સુકાઇ ગયાં હતાં, તેથી તેઉપર એક શેહેર બંધાયું હતું; તથા એક ધરતીકંપ થયો હતો, તેથી ઈરાનના રાજાના મોહોલના ચઉદ મનારા પડી ગયા હતા; તથા પારસી લોકોનો પવિત્ર આતશ હોલવાઈ ગયો હતો;

---

* In this sentence supply *jāre* (*jyāre*) because of the *tāre* following (Gr. Cap. VI. § 3, fin.). Examples of this continually occur.

અને ચંદ્ર તથા તારા ઉપર વસનારા અશુદ્ધ આતમાઓ કાહાડી મુકાયા હતા, અને તેઓથી પૃથ્વી ઉપર ભુતીઓઝાં પાછું આવી શકાયું નહીં, અને દેવવાણી થઇ શકી નહીં. તે કિતાબોના લખનારાઓ એથી પણ વધારે એવું લખેછે કે તે બાળકે, આ દુનીઆમાં જનમ ધરતાંજ, ઘુટણીએ પડીને પોતાના હાથ આકાશની તરફ ઉંચા કર્યા હતા, અને એવી રીતે આ શબ્દો બોલ્યો હતો, "ઇશ્વર મોટો છે; ઇશ્વર એકજ છે; અને હું તેનો પેગંમ્બર છું." મહમદના જનમ વિશે આ અને એવીજ બીજી અદ્ભુત વાતો કેહેવાએલી છે. પણ એ અજાએબ સરખી વાતોને ટેકો આપવાને જરા પણ સાબિતી નથી. અને ખચીત એવું સાફ માલુમ પડેછે કે મહમદના જન્મ્યાને ઘણો કાળ ગયા પછી એવી વાતો કેહેવાવા માંડી. જો આવી અજાએબ જેવી અને પ્રગટ વાતો બની હોત તો એ વાતો લોકોને યાદ રેહેત, અને એથી તેઓ મહમદની કેહેણ કબુલ રાખત. ને લોકોએ મહમદને પુછયું કે કાંઇ ચમત્કાર કરી દેખાડે તો તું ઇશ્વરથી આવેલો છે એવું અમે માનીએ, તારે મહમદ પોતાના જનમ વેળાએ થએલા ચમત્કારો વિશે બોલ્યો હોત, પણ તેણે એમ કદી કીધું નહીં.

ખદીજા નામની કોરેષ જાતનીજ એક બાઈડી હતી. તે મક્કા શેહેરમાંના એક મોટા માણસની વીધવા હતી. તેને તાંહાં મહમદ પચીસ વર્ષની ઉમરે ચાકર રહ્યો. તેની ચાકરીમાં હતો તારે તે તેનાં ઉંટ અને તેનો વેપારનો માલ લઈને દમાસ્કસ શેહેરનાં મોટાં બજારમાં ગયો હતા. તેના ચિત્તાકર્ષક ગુણને લીધે આ સ્ત્રીને મહમદ એટલો તો પસંદ પડયો કે તેણે તેની સાથે લગન કીધાં. આ લગન થયાથી મહમદની અવસ્થા તેના જન્મ તથા કુળને યોગ્ય એવી થઈ. આવી દીશામાં આવ્યો તારે પોતાના ઘરડા વરડાઓ પોતાની જાતમાં મોટા સરદારો હતા, એ વાત તેને યાદ આવે, એમાં કાંઈ અશ્ચર્ય નહીં. પોતાના લગન થયા પછી તેણે પરદેશ ફરવું છોડી દીધું નહીં. પરદેશ ફરવાથી જુદા જુદા ધર્મ માનનારા જુદી જુદી પ્રજાના લોકોને તેણે જોયા, તેથી કરીને આગળ પાછળના દેશમાંના ધર્મના તથા રાજ્ય પ્રકરણના વિચારો તથા ધારાઓ વિશે તેને ગનાન મલ્યું. તે ગનાનનો તેણે પોતાના એકાંતના વિચારમાં ઉપયોગ કર્યો.

મહમદની પચીસથી તે ચાળીસ વર્ષની ઉમર સુધી

માં* કાંઈ મોટી જાણવા લાએક બીના બની નથી. તોપણ દુનિઆ ઉપર એક નવો ધર્મ સ્થાપવાનો હિંમત ભરેલો વિચાર તેણે જે કીધો તે આ અવસરમાં કીધો. માટે તેની જીંદગીમાં સઉ કર્તાં આ મુદ્દત વધારે અગત્યની છે. પણ તેના મનમાં એ વિચાર કેમ આવ્યો, એ વિચાર આવ્યા પેહેલાં તેને શા શા વિચારો આવ્યા હતા, તેથી તેણે શું મતલબ હાંસલ કરવાની† ધારી હતી, તથા તે કેમ બહાર પડયો, એ વાતો આપણને બરાબર માલુમ નથી.

ઘણા વર્ષસુધી વિચાર કર્યા પછી પોતાની સગળી યોજનાઓ પાકી કરીને, (ઈ૦ સ૦ ૬૦૯) મહમદ હળવે હળવે અને ઘણીજ ખબરદારીથી તે યુક્તિઓ પ્રમાણે કામ કરવા લાગ્યો. મક્કા શેહેરની પાસે હીરા નામની એક ગુફા હતી, તેમાં અપવાસ, ભક્તી, અને ઈશ્વર સંબંધી વિચાર કરવાને મહમદ કેટલીએક વારસુધી રોજ જયા કરતો. પોતે એકાંતમાં હતો તે વેળાએ જે કાંઈ અલૌકિક દેખાવો દીઠા અને વાણીઓ સાંભળી તેની વાતો તેણે સાંઝરે ઘેર આ-

* The words from *te* to *mañ* are all considered as one, 'in the "to-the-40th-year-of-his-life (time)."'

† Supply *āsā*, 'hope,' or some similar word.

વીને પોતાની બાઈડીની આગળ કેહેવા માંડી. આખરે તેણે પોતાની બાઈડીને કાંઈ વચન કહ્યું, અને તેને કહ્યું કે, એ વચન જબ્રીયેલ્ દૂતે આવીને મને ઈશ્વરી પ્રગટપણું આપેલું છે, તેમાંનો એક ભાગ છે. મહમદ એવું કેહેછે કે અલ-કદ્ર એ નામની* રમઝાન મહિનાના ૨૩ મા તથા ૨૪ મા રોજની પ્રખ્યાત રાતે તે દુતે ચળકાટ ભરેલા આકારમાં આવીને મને સારા સમાચાર કહ્યા તે આ પ્રમાણે કે, "ઓ મહમદ તું ઈશ્વરનો મોકલેલો છે, અને હું જબ્રીયેલ્ દૂત છું." તે દૂતે રેશમી કાપડ દેખાડ્યું, તે ઉપર કાંઈ લખેલું હતું, અને વળી કહ્યું કે, "વાંચ." તે વેળાએ પેગંમબરે એમ ઉત્તર દીધો કે મારાથી વંચાતું નથી.† તારે દૂતે ફરીથી કહ્યું કે, "તારો પ્રભૂ જેણે સર્વે વસ્તુઓ ઉત્પન્ન કરીછે, અને જેણે માણસને બંધાઈ ગએલા લોહીનો બનાવેલો છે, તેનું નામ લઈને વાંચ. તારો દયાળુ પ્રભૂ, જેણે કલમ‡ પકડતાં સિખવું છે, અને જે વાતોથી માણસ અજાણો છે

---

* Feminine because agreeing with *rāt*, in the next line but one.

† Vide Gram., Cap. V. § 12 and § 13, pp. 67 and 70.

‡ "Through whom holding the pen must be learned." Vide Gram., Cap. V. § 4, fin. (p. 51.)

તે વાતો તેને સમજાવેછે, તેના નામથી તું વાંચ."* જારે આવી અજાએબ સરખી મુલાકાતની વાત મેહ-મદે ખદીજાને કહી, તારે તેણે તે માની, અને એમ કહ્યું કે, મેહમદ કોઈ દાહાડો પોતાના લોકોનો પેગં-મબર થશે. જે વાત ખદીજાએ સાંભળી તે વાત તેણે તરતજ પોતાના વરકા નામના સગાને કહી. તેણે પણ તે વાત માની, પણ તે મેહમદના ચેલા-ઓમાં ગણાએલો નથી.

પછી મેહમદ સાધુસહી જીંદગી, જે પવિત્ર મના-યછે, તેવી જીંદગીમાં રહેવા લાગ્યો. ને થોડા દાહા-ડામાં તેનો એક ચાકર ઝૈદ ઈબન હારેથ નામે તેનો ચેલો થયા. ઝૈદના ઈમાનને લીધે મેહમદે તેને સ્વતંત્રતા પાછી આપી; અને તારથી મુસલમાનોમાં એવો ધારો પડ્યો છે કે જે ગુલામો મેહમદનો ધર્મ કબૂલ કરે તેઓને છુટા કરવા; તોપણ આ ધારો સઘળી વેળા પળાયો નથી.

એ પ્રમાણે મેહમદના મતનાં પેહેલવેલાં માન-નારાં† તેની બાઈડી અને તેનો ગુલામ એ બે જણાં હતાં.

---

* Suratu'l 'Alaq (Sura 96, vv. 1–5).

† Neut. because qualifying two nouns of dissimilar gender: Gram., Cap. III. § 2.

તેના ધરમમાં ત્રીજો માણસ જે આવ્યો તે તેના કાકા અબૂતાલેબનો દીકરો અલી હતો. તે તે વેળાએ છોકરો હતો. ચોથો અબૂ-બકર નામનો મોટો આબરૂદાર અને મક્કા શેહેરમાં મોટી સત્તાદાર* માણસ તેના ધરમમાં આવ્યો. અબૂ-બકરના સમજાવવાથી ઓથમાન, અબ્દુલ્-રેહેમાન્, સાદ, અલ્-ઝોબૈર, વગેરે કેટલાએક મક્કા શેહેરના મુખી માણસો પણ આવ્યા. તેના ધરમમાં આ લોકો આવ્યા તે તેના અધીકારને મુખી ટેકો આપનારા અને બાહાદૂર લડવૈયા થયા. આ વેળાએ અબૂ-બકરે જે મદદ આપી તેને સારૂ મહમદે તેને અબ્દુલ્લાહ (ઈશવરનો દાસ), અલ્-સિદ્દીક (સાચો) અને અતીક્ એટળે બચેલો (નરકમાંથી) એવા ખતાબો તેને આપ્યા.

કોરેશ જાતના લોકો સામા થશે એવું ભય પામીને મહમદે ત્રણ વર્ષ સુધી પોતાના ધરમનો ઉપદેશ ખાનગી રીતેજ કર્યાં કીધો. આ વેળાએ તેને ઘણીએક ઈશવરી વાતો મળી, એવું મહમદ કેહેતો હતો. આખરે તેને અબૂ-બકરની મદદમાં પક્કો

---

* Fem. to qualify *sattā* in *sattādār*.

ભરોસો બેઠો, અને એવું જોયું કે હવે મારા ધરમના માનનારા ઘણા થયા છે, તારે ઈશવરે મને તમારી પાસે મોકલ્યો છે, અને તેની કેહેણ કેહેવાનો હુકમ કરેલો છે, એવું પોતાના સગાંવાહાલાંઓની આગળ કેહેવાનો તેણે ઠરાવ કીધો. પછી એ મતલબ સર તેણે તેના કાકાના છોકરા અલીને એક મજલસ કરવાનો હુકમ કીધો, અને તે મજલસનાં ઈજન અબ્દુલ્-મોતાલેબથી ઉતરેલાં સગળા માણસોને મોકલ્યાં. તેઓમાંના આસરે ચાળીસ જણે ઈજન કબૂલ રાખ્યાં. પછી તે ઈજન ફરીથી ફેરવ્યાં, અને ફરીથી કબૂલ થયાં તારપછી મહમદે તેઓને આ રીતે ભાષણ કીધું:—"જઝીરાત ઉલ-અરબમાં કોઈ એવો માણસ નહીં હશે કે જે ઠરાવ હમણાં હું મારાં સગાંઓને કેહેવા માગુંછું તેથી સારો ઠરાવ કરશે. હું તમને આ દુનિઆનું અને આવતી દુનિઆનું સુખ આપુંછું. સર્વશકિતમાન ઈશવરે તમને તેની તરફ બોલાવવાનો મને હુકમ કરેલો છે, માટે તમારામાંથી મારો વઝીર (પ્રધાન) અને મારો ભાઈ કોણ થશે?"

તેઓ સગળાઓએ આનાકાની કરી, અથવા ના

કહી. તારે અલી ઉઠીને આ પ્રમાણે બોલ્યો—"ઓ ઈશવરના પેગંમબર! હું તારો વઝીર થઈશ. જે માણસો તારી સામાં થશે તેના દાંત હું તોડી પાડીશ; તેના ડોળા હું ખેંચી કાહ્નીશ, તેનું પેટ હું ચીરી નાંખીશ, અને તેના ટાંટીઆ ભાગી નાંખીશ!" એવું અલીએ કહ્યું, તારપછી મહમદ તેને ઘણી નરમાશથી* ભેટયો, અને તે વેળાએ જેઓ આગળ હતા તેઓને આ પ્રમાણે કહ્યું—"આ મારો ભાઈ, મારો કારભારી, અને મારો ખલીફો છે, માટે તમે એને સ્વાધીન થઈને એને તાબે રેહો." તે વેળાએ સગળી મજલસ માત્ર તેની ઉપર હશી, અને અબૂ-તાલેબને કહ્યું, "હવે તારે તારા દિકરાને તાબે થવું જોઈએ."

એ પછી મહમદે લોકોમાં ખુલ્લી રીતે ઉપદેશ કરવા માંડયો. તેની તીક્ષ્ણબુધી, કલ્પના, અને યાદદાસ્ત, પ્રવાસ કીધાથી તથા એકાંતી વીચાર કીધાથી સારી થઈ હતી, અને તેના શરીરની ખુબસૂરતી તથા બોલવાની મીઠાસ એવી હતી કે સગળા લોકોની તેના ઉપર મેહેરબાની થાય. પણ તેઓના મુરતી પુજક ધરમનો તથા તેમની હદનો તેણે એટલો તો

* For the const. see Gr., Cap. V., § 10, note *.

તીરસ્કાર કીધો કે તેથી ઘણા ખરા લોકો તેના દુશમન થયા.

કેટલાએક લોકોએ તેને જાદુગર કહ્યો, કેટલાએકોએ તેને અસલની કાહાણીઓ કેહેનારો કહ્યો, અને કેટલાએકોએ સાફ રીતે તેને જુઠું બોલનાર તથા ઢોંગી કહ્યો. આ વખતે લોકોએ માહમદને માઠા અને જેથી ધિક્કાર થાય તેવા શબ્દ કહ્યા. એ વિશે કુરાનમાં ઘણીએક જગો પર લખેલું છે:—"મક્કાવાળા કેહેછે, ઓ જેને ચતવણી (કુરાન) મોકલેલી છે તે, તને ખરેખરૂં ભુત વળગેલું છે: જો તું ખરૂં બોલતો હોત તો શું તારી સાથે દુતો આવ્યા ન હોત? જવાબ, વાજબી વખત શીવાએ હમે દુતોને નીચે મોકલતા નથી." (કુરાન અ૦* ૬.) "તેઓ કેહેછે કે આ જાદુ છે, અને તે પર હમે વીશવાસ કરતા નથી; અને તેઓ કેહેછે જો આ કુરાન મક્કા તથા મદીના શેહેરોના કોઈ મોટા માણસને અપાયું હોત તો હમે તેને અંગીકાર કરત." (અ૦ ૪૩.) "મક્કાના લોકોને પોતાનો હીસાબ આપવાનો સમે પાસે આવેછે. પ્રભુથી તેઓને કાંઈ ચેતવણી આવતી નથી,

* અ૦ stands for અધ્યાય, 'chapter,' *i.e.* Sūra of the Qur'ān.

પણ જારે તેઓ સાંભળેછે તારે તેને તેઓ હશી કાહાડેછે. તેઓ કેહેછે કે, કુરાન એ સ્વપણાંનો ઢગલો છે, એટલુંજ નહીં, પણ તેણે જુઠાણું ચલાવેલું છે." (અ. ૨૧) "અને કાફર લોકો કેહેછે કે, કુરાન તેનું યોજેલું જુઠાણું છે, અને તે બનાવવામાં તેને બીજાઓએ મદદ કરી છે, પણ તેઓ ગેરવાજબી વાત અને જુઠું બોલેછે. તેઓ એવું પણ કેહેછે કે, આ જુની કથાઓ છે, અને તેણે એ લખાવી છે, અને એ કથાઓ સાંઝે અને સવારે તેણે લખાવેલી છે. કહો કે, જે પૃથવી પરની તથા સ્વર્ગમાંની છાની વાતો જાણેછે તેણે એ પ્રસિધ્ધ કરી છે. તેઓ કેહેછે કે, એ કઇ જાતનો મોકલેલો છે? તે આપણી પઠેજ ખોરાક ખાયછે, અને રસ્તાઓમાં ફરેછે. નાપાક લોકો એવું પણ કેહેછે કે, જે માણસને તમે માનોછો તે દીવાના શીવાએ બીજો કોઇ નથી." (અ૦ ૨૫.) "અવીશવાસીઓને જારે આપણે સાબિતીની નિશાણીઓ બતાવીએ છુઈએ તારે તેઓ સાચાઇ વિશે કેહેછે કે એ તો જાદુ છે. તેઓ શું એમ કેહેછે કે મહમદે એ જુઠાપણું ચલાવ્યું? જવાબ, જો મેં એ જુઠાણું ચલાવ્યું છે તો ખરેખાત તમને મારે લીધે

ઈશવરથી મેહેરબાની મળશે નહીં: તમે તે વિશે કેવું ખરાબ બોલો છો એ તે સારીપઠે જાણેછે. જે મને પરગટ કરાએલું છે તે શીવાએ બીજું કાંઈ હું કેહેતો નથી; અને હું સઉને ખુલી ખબર આપનાર કરતાં વધારે નથી." (અ૦ ૪૬.)

પોતાનું મોકલેલાપણું ખરૂં બતાવવાને સઉથી મોટા ઈશવરનું નામ પણ દાખલ કીધું. "જે તમે દેખોછો, અને જે તમે નથી દેખતા, તેના સોગન્દ ખાઈને હું કહુંછું કે હું તમને જે કહુંછું તે આબરૂદાર મોકલેલાની વાતો છે, કાંઈ કવીની વાતો નથી: તમે કેટલો થોડો વીશવાસ લાવોછો! એ કાંઈ શુકન જોનારની વાતો પણ નથી; તમે કેટલી થોડી ચેતવણી પામોછો! સગળા પ્રાણીનો જે પ્રભુ તેની પાસેથી એ પ્રગટપણું છે. જો આપણા વિશે જે વાતો કહી તેમાં મહમદે કાંઈ જુદાણું ચલાવ્યું હોત તો અમે તેનો જમણો હાથ પકડીને તેના અંતઃકરણની નસ કાપી નાંખી હોત." (કુરાન અ૦ ૪૯.) "કુરાનને હશી કાહાડવાને જે તીરસ્કાર ભરેલું બોલ્યો છે તે શ્રાપિત થાઓ. હું તેને નરકમાં બળવાને નાંખીશ." (અ૦ ૭૪.) "અવીશવાસીઓને સારૂ અને સાંકળ,

બેડી, અને બળતી અગની, એ તૈયાર કર્યાં છે." (અ૦ ૧૧.)

મહમદ સઉથી ઘણો ગભરાયો એથી કે લોકોએ તેને વારે વાર પુછ્યા કીધું કે, તું ઈશવરથી આવેલો છે, એની સાચાઈ કાંઈ ચમતકાર કરીને સાબિત કર. તેના સાંભળનારાઓ કેહેવા લાગ્યા કે, "મુસા, ઈસા, અને બીજા પેગંમબરો તારા કેહેવા મુજબ ઈશવરના મોકલેલા છે, એવું સાબિત કરવાને ચમતકારો કરતા. હવે જો તું પેગંમબર હોય, અને તું અભીમાનથી કેહેછે તે મુજબ તારી આગળના પેગંમબરાથી મોટો હોય, તો અમને તારા પણ ચમતકાર જોવા દે. તું મુએલાને જીવતા કર, મુગાને બોલતા કર, અને બેહેરાને સાંભળતા કર; અથવા જવાહેરથી તથા કીમતી રાચરચીલાથી શોભાએમાન તારે સારૂ એક સોનાનો મેહેલ બનાવ; અથવા જે કિતાબ સ્વર્ગથી નીચે ઉતરેલી અથવા દૂતે તારી પાસે આણેલી તું કેહેછે તે અમને દેખાડ, એટલે અમે તારા ઉપર વીશવાસ કરીશું." આ સ્વભાવીક અને વાજબી સવાલો તેને કરતા તારે તે વાતો ઉડાવવાની તેણે ઘણીએક તદબીરો કીધી, એવું કુરાન ઉપરથી

માલુમ પડેછે. "કાફર લોક બોલેછે કે, ઈશવરનો મોકલેલો તું છે એની કાંઈ નિશાણી અમને બતાવશે, તાંહાં લગી અમે તારો વીશવાસ કરનાર નથી. પણ તને માત્ર ઉપદેશ કરનાર ઠેરવેલો છે, કાંઈ ચમતકાર કરવાને ઠેરવ્યો નથી." (કુરાન અ૦ ૧૩.) "જવાબ, નિશાણીઓ તો ઈશવરનાજ હાથમાં છે; અને હું પ્રગટ રીતે ઉપદેશ કરનાર છું, કાંઈ અધીક નથી." બીજી વખતે તે તેઓને કેહેછે કે, "જેઓએ આગળના પેગંમબરોના ચમતકારો દીઠા હતા તેઓએ તેમનો તીરસ્કાર કર્યો હતો, માટે હવે ઈશવર કાંઈ વધારે ચમતકાર કરશે નહિ. વળી જેઓને વીશવાસ કરવા સારૂ ઈશવરે ઠેરવ્યા છે તેઓ તો વગર* ચમતકારે વીશવાસ કરશે, પણ જેઓ એ પ્રમાણે પસંદ કીધેલા નથી, તેઓને ગમે એટલા ચમતકાર દેખાડીએ તોપણ તેઓ કબુલ કરનાર નથી." "અને જો તેઓની આગળ દૂતાને નીચે મોકલ્યા હોત અને મુએલાઓ તેઓની આગળ બોલ્યા હોત, તોપણ ઈશવરની ખુશી શીવાએ તેઓ વીશવાસ લાવત નહી," (અ૦ ૬.) તાર પછી જારે

* Or, more idiomatically, ચમત્કારના વગર.

મદીનામાં તે લશકરનો સરદાર હતો તારે એ હરકતોને દૂર કરવાને તેની પાસે એક જુદો રસતો હતો એ વેળાએ તે એવું કેહેતો હતો કે આગળ મુસાને તથા ઈસાને ચમતકાર કરવાની શકતી આપીને ઈશવરે મોકલ્યા હતા, તોપણ લોકો વીશવાસ લાવ્યા નહીં, માટે ઈશવરે હમણાં મને મોકલ્યો છે. હું જુદી તરેહનો પેગંમબર છું, અને તલવારના જોરથી વીશવાસ અણાવવાને મને ઠેરવ્યો છે.

મહમદના કેટલાએક વેહેમી શાગિર્દો કેહેછે કે, તેણે ચંદ્રના બે કડકા કીધા; ઝાડો તેને મળવા આવ્યાં; તેના હાથની આંગળીઓમાંથી પાણી વહ્યું; પથ્થરોએ તેને સલામ કરી; એક ભારવટીઓ તેની આગળ રડ્યો; એક ઊંટે તેની આગળ ફરીઆદ કરી; એક માંસના કકડાએ પોતે ઝેરી છે એવી તેને ખબર આપી. એવા એવા બીજા કેટલાએક ચમતકારો તેણે કીધા, પણ એ ચમતકારો વિશે મહમદ પોતે કાંઈજ બોલ્યો નથી, અને એવી વાતો કોઈ મોટા મુસલમાન કિતાબ લખનારાઓ પણ લખી ગયા નથી. વળી કુરાનમાં કેથે એ વાતો લખી નથી; તેમાં તો સાફ એમ કેહેછે કે મહમદ ચમતકાર વિના આવ્યો; એ ઉપરથી સાબિત થાયછે કે એ ચમતકારોની વાતો હમણાં થોડી મુદત ઉપરની બનાવટ છે.

II. MUHAMMADAN INVASIONS OF INDIA.

હજરત મહમદ ઈ. સ. ૫૭૦ માં મક્કામાં જન્મ્યો હતો, અને તે મુસલમાન ધર્મનો સ્થાપનાર હતો. એણે પોતાનો ધર્મ આખા અર્બસ્તાનમાં ફેલાવ્યો, અને ઈ. સ. ૬૩૨ માં એના મરણ પછી એના ખલીફાઓએ એ ધર્મ સિરિયા, મિસર, ઈરાન, તુર્કસ્તાન અને અફગાનિસ્તાનમાં પ્રસાર કર્યો.

મહમદના મરણ પછી ૧૫ વરસે ઓસમાન નામના એક અરબે થાણા અને મુંબઈના કિનારા ઉપર એક દરિઆઈ કાફલો લૂટ મેળવવા માટે મોકલ્યો, પરંતુ તેમાં તેનું કાંઈ વળ્યું નહીં.

ઈ. સ. ૬૬૪ માં અરબ લોકો કાબુલ સુધી વધ્યા, અને ઈ. સ. ૭૧૨ માં બસરાના હાકેમનાં ભત્રિજા મહમદ કાસિમે સિંધ પર ચઢાઈ કીધી. આ વખતે સિંધમાં દાહીર નામે રાજા રાજ્ય કરતો હતો, અને તેની રાજ્યધાનીનું નામ દેવલનગર જેને હાલ કરાંચી કહેછે તે હતું. એ રાજાને કાસિમે હરાવી આખો સિંધ પ્રાંત જીતી લીધો, અને ત્યાંની વસ્તીનો નાશ કર્યો. દાહીર પણ લડતાં માર્યો ગયો. કાસિમની આ ફતેહ થયા છતાં તેની સત્તા નામનીજ રહી, અને થોડા વખતમાં તે જગ્યા રજપૂત લોકોએ પાછી

જીતી લીધી. હિંદુસ્તાનમાં જે મુસલમાન વંશે રાજ્યનો પાયો નાંખ્યો, અથવા જીતો મેળવીને પોતાની ખરી રાજ્યસત્તા સ્થાપી, તે ગિઝની વંશ હતો.

Establishment of the Ghaznavite Dynasty.

ઈ. સનની નવમી સદીમાં સેમેનીસ નામે ઓળખાતો તાતાર વંશ ખોરાસાનમાં રાજ્ય કરતો હતો, અને તેનું પાયતખ્ત બોખારા હતું. આ વંશના પાંચમા રાજા અબ્દુલ મલિકનો અલપ્તગીન નામે એક તુર્કી ગુલામ હતો, જે પાછળથી ખોરાસાનનો હાકેમ થયો; પણ રાજાનો કાળ થયાથી એ ગિઝનીમાં નાહાસી ગયો, જ્યાં તે ઈ. સ. ૯૭૬ માં સ્વતંત્રપણે રાજ કરવા લાગ્યો. એની પછી એનો ગુલામ તેમજ જમાઈ સબકતગીન ગિઝનીના રાજ્યનો ધણી થયો. એણે બલૂચિસ્તાન, તુર્કસ્તાન વગેરે મૂલકો જીતી પોતાનું રાજ્ય વધાર્યું. આથી લાહોરના રાજા જયપાળે એની ઉપર પેશાવર આગળ ઈ. સ. ૯૭૭ માં હુમલો કર્યો, પણ ત્યાંથી હાર ખાઈ તેને પાછું ફરવું પડ્યું. સબકતગીન હવે જયપાળ ઉપર વેર લેવાને પંજાબ ઉપર ચઢી આવ્યો. જયપાળની મદદે દિલ્હી, કનોજ, કલિંજર અને અજમેરના રાજાઓ આવ્યા હતા, પરંતુ તેમનો પરાભવ થયો. સબકતગીને સિંધુ નદી આગળની કેટલીક જગ્યા જીતી લીધી, અને

પુષ્કળ લૂટ મેળવી પાછો ગયો. સબક્તગીન તેની ૫૬ વરસની વયે ઇ. સ. ૯૯૭ માં મરણ પામ્યો, અને એની પાછળ એનો છોકરો મહમદ પોતાની ૩૦ વરસની વયે ગાદીએ બેઠો.

મહમદ ગિઝનવી ૯૯૭-૧૦૩૦—મહમદ પોતાના બાપની સાથે જયપાળ અને તેના મળતીઆઓ સામો ઘણી બાહાદુરીથી લડ્યો હતો. એના બાપના મરણ પછી એણે "સુલતાન" પદ ધારણ કર્યું. લૂટ મેળવવાના તથા પોતાનો ધર્મ હિંદુસ્તાનમાં ફેલાવવાના વિચારથી એણે આ દેશ પર ૧૨ સ્વારીઓ કરી. એ સ્વારીઓમાં એણે પુષ્કળ દોલત મેળવી, લાખોના જાન લીધા, અને લાખોને મુસલમાન કરી ગુલામ તરીકે વેચ્યા.

પેહેલી સ્વારી ૧૦૦૧ માં—એણે લાહોરના રાજા જયપાળ ઉપર કરી અને તેને પેશાવર આગળ હરાવી પકડ્યો. જયપાળે તેને ખંડણી આપવા કબુલ કરી ત્યારે તેને છોડ્યો. જયપાળ આ હારથી જે અપમાન પામ્યો હતો તે ન સહન થવાથી પોતાની ગાદી પર પોતાના છોકરા અનંગપાળને બેસાડી પોતે બળી મૂઓ.

બીજી સ્વારી ૧૦૦૪ માં—એણે મુલતાન પાસે ભાટીઆના રાજા વિજયરાય ઉપર કરી અને તેને હરાવ્યો, કારણ કે એ રાજા ખંડણી અટકાવી બેઠો હતો.

ત્રીજી સ્વારી ૧૦૦૫ માં—આ સ્વારી એણે મુલતાનના સરદાર અબદુલ ફાત લોદી સામે કરી તેને હરાવ્યો.

ચોથી સ્વારી ૧૦૦૮ માં—આ ચઢાઈ મહમદે લાહોરના રાજા જયપાળના છોકરા અનંગપાળ સામે કરી. એ રાજા દિલ્હી, કલિંજર, કનોજ અને બીજા રજપૂત રાજાઓ સાથે મળી જઈ સામો લડવા ગયો, પણ વૈહિંદગઢ આગળ હાર્યો. આ પછી મહમદે નગરકોટનું દેહેરૂં લૂટ્યું, જ્યાંથી પુષ્કળ દ્રવ્ય એને મળ્યું.

પાંચમી સ્વારી ૧૦૧૦ માં—આ સ્વારીમાં એણે મુલતાન જીતી લીધું, અને ત્યાંના સરદાર અબદુલ ફાત લોદીને કેદ કીધો.

છઠ્ઠી સ્વારી ૧૦૧૧ માં—સરસ્વતી અને જમના નદીની વચ્ચે થાણેશ્વર પર કરી અને બે લાખ હિંદુઓને કેદ કરી ગુલામો તરીકે વેચ્યા.

સાતમી તથા આઠમી સ્વારી ૧૦૧૪-૧૦૧૫ માં—આ વખતે મહમદ ગિઝનવીએ કાશ્મીર ઉપર ચઢાઈ કરી, પણ તેમાં એને સખત હાની થઈ અને માર ખાઈ પાછું જવું પડયું.

નવમી સ્વારી ૧૦૧૯ માં—આ સ્વારી એણે કનોજ ઉપર કરી. ત્યાંનો રાજા કુંવરરાય એની સામે લડયો નહીં, પણ એને તાબે થઈ દ્રવ્ય આપ્યું, તેથી મહમદે

તેને કાંઈ દુઃખ દીધું નહીં—ત્યાંથી મહમદ મથુરા ગયો. આ નગરમાં એણે વીશ દિવસ સુધી લૂટ ચલાવી અને ૫૩,૦૦૦ હિંદુઓને ગુલામ કરી બે બે રૂપિયે તેમને વેચ્યા.

દસમી તથા અગીઆરમી સ્વારી ૧૦૨૨-૨૩ માં—આ ચઢાઈ એણે કલીંજરના રાજા ઉપર કરી. આ વખતે અનંગપાળના છોકરા જયપાળ બીજાએ આ રાજાને મદદ કરી; તેનું પરિણામ એ નિપજ્યું કે મહમદે લાહોર ખાલસા કર્યું, અને ત્યાં રાજ્ય ચલાવવાને એક મુસલમાન સૂબો નિમ્યો. હિંદુસ્તાનમાં મુસલમાન રાજ્યની સ્થાપના આ વખતથી થએલી ગણાયછે. આગળ જોકે મુસલમાનોએ ચઢાઈ કરી ઘણીક જીતો મેળવી હતી ખરી, તોપણ હિંદુસ્તાનની એકે જગ્યાના તેઓ ધણી થયા ન હોતા.

બારમી સ્વારી ૧૦૨૪ માં—આ વખતે મહમદે પોતાની છેલ્લી ચઢાઈ ગુજરાતમાં સોમનાથ પર કરી, અને ત્યાંનું અતિ સુંદર દેહેરૂં લૂટયું. ત્રણ દિવસ સુધી લડાઈ ચાલી, અને જોકે તેનો બચાવ કરવાને ચામુંડનો પાટવીકુંવર વલ્લભસેન, તેનો ભત્રિજો ભીમદેવ, અને બીજા રજપૂત રાજા તથા સરદારો આવ્યો હતા, તોપણ આખરે મહમદ જીત્યો. આ દેહેરૂં લગભગ સો વરસ સુધી ભાંગી હાલતમાં પડી

રહ્યું, અને પછી કુમારપાળ, જે ૧૧૬૬ માં મરણ પામ્યો, તેણે પાછું સમરાવ્યું.

મહમદની મરજી ગિઝનીની ગાદી પોતાના પુત્ર મસુદને આપી ગુજરાતમાં પોતે રાજ કરવાની હતી; પણ લશ્કરના સરદારોના સમજાવ્યાથી તે વિચાર તેણે છોડી દીધો અને ત્યાં કોઈ પાદશાહી કુટુંબના બ્રાહ્મણને સૂબો કરાવી ગિઝની જવા નિકળ્યો. અજમેરનો રાજા એક મોટા લશ્કર સહિત રસ્તો રોકી બેઠો છે તે સાંભળીને તેની સામે ન થતાં મહમદે સિંધનો રસ્તો લીધો. લશ્કરને રસ્તો દેખાડનાર ભોમીયાનો વેષ ધારણ કરી આવનાર સોમનાથનો કોઈ બ્રાહ્મણ હતો. તેણે મુસલમાનો પર વેર લેવાને તેમને ત્રણ દિવસ અને રાત રણોમાં રખડાવ્યા જેથી તેમનાં હજારો માણસ ખોરાક અને પાણી ન મળવાથી મરણ પામ્યાં. આખરે ઘણી મુશ્કેલીથી મહમદ ગિઝની જઈ પોહોંચ્યો.

મહમદ ગિઝનવી ઈ૦ સ૦ ૧૦૩૦ માં તેની ૬૩ વરસની વયે ગિઝનીમાં મરણ પામ્યો. એણે વિદ્યા અને હુન્નરને બહુ ઉત્તેજન આપ્યું. એના વખતમાં વિખ્યાત ઈરાની કવિ ફિરદોસી થઈ ગયો. એના મરણ પછી ગિઝનીની ગાદીને માટે એના બે છોકરા —મહમદ અને મસુદ—વઢ્યા, જેમાં મસુદે પોતાના

ભાઈને આંધળો કર્યો, અને પછી રાજ્ય કરવા લાગ્યો. મસુદ પછી બીજા કેટલાક રાજાઓ થયા, જેઓ માંહેમાંહે વઢી નાશ પામ્યા, અને પંજાબ શિવાય સઘળી જગ્યા ખોઈ બેઠા. ગિઝનીની ગાદીએ ઈ૰ સ૰ ૧૧૧૫ માં છેલ્લો રાજા બેરામ હતો. એણે પોતાની છોકરી ઘોર વંશના એક રાજાને પરણાવી હતી. તેમની વચ્ચે કંઈ ભાંજગડ ઉઠવાથી બેરામે પોતાના જમાઈને મારી નાંખ્યો. આથી મરનારના ભાઈ અલાઉદ્દીન ઘોરીએ એના રાજ્યમાં મોટા લશ્કર સાથે કુચ કરી, અને ગિઝની જે મહમદે હિંદુસ્તાનની મેળવેલી લૂટોથી બહુ રળિયામણું કરી નાંખ્યું હતું તે સાત દિવસ સુધી લૂટી બાળી નાંખ્યું, ૧૧૫૨. આ ઉપરથી અલાઉદ્દીન "જહાંસૂઝ" એટલે દુનિયા બાળનારના નામથી ઓળખાવા લાગ્યો. બેરામ હિંદુસ્તાન નાસી આવવા નિકળ્યો, પણ રસ્તામાંજ મરણ પામ્યો. બેરામ પછી એના છોકરા ખુસરૂ, અને પછી એના પૌત્ર ખુસરૂમલેકે લાહોરમાં રાજ્ય કર્યું. આ પછી અલાઉદ્દીન ઘોરીના ભત્રિજા શાહબુદ્દીન અથવા મહમદ ઘોરીએ તેના હાથમાંથી લાહોર પણ જીતી લીધું. આ પ્રમાણે ગિઝની વંશની સમાપ્તિ થઈ ઈ૰ સ૰ ૧૧૮૬.

The Ghori Dynasty.

અલાઉદ્દીન ઘોરીના ભત્રિજા શાહબુદ્દીન અથવા મહમ્મદ ઘોરીએ ગિઝની વંશના છેલ્લા પાદશાહ ખુસરૂ મલેક પર ૧૧૮૬ માં ચઢાઈ કરીને લાહોર જીતી લીધું. આ વખતે હિંદુસ્તાનમાં ચાર મોટાં રજપૂત રાજ્યો હતાં—દિલ્હીમાં તુવાર, અજમેરમાં ચોહાણ, કનોજમાં રાઠોડ, અને ગુજરાતમાં વાઘેલા વંશના રજપૂતો રાજ્ય કરતા હતા. દિલ્હીના તુવાર રાજાને કંઈ સંતાન ન હોવાથી તેણે અજમેરના કુંવર પૃથુરાજને દત્તક કરી લીધો, જેથી પૃથુરાજ દિલ્હી તેમજ અજમેરના રાજ્યનો ધણી થયો. જ્યારે મહમ્મદ ઘોરીએ દિલ્હી ઉપર ૧૧૯૧ માં ચઢાઈ કરી, ત્યારે આ પૃથુરાજ તેની સામો થયો અને તેને પાણીપતના મેદાનમાં હરાવ્યો. આ પછી રજપૂતો માંહોમાંહે લડી ઘણા નબલા પડી ગયો. કનોજના રાજાનો કુંવર જયચંદ, જે પૃથુરાજનો મસીઆઈ ભાઈ હતો, તેણે પૃથુરાજની અદેખાઈ કરી, અને તેની સામે લાંબા વખત સુધી લડયો. મહમ્મદ ઘોરી ૧૧૯૧ માં હાર ખાધા પછી ગિઝની ગયો હતો, તે રજપૂતોને નબળા થઈ ગયલા જોઈ ૧૧૯૩ માં એક મોટાં લશ્કર સહિત પાછો હિંદુસ્તાન પર ચઢી આ-વ્યો. પૃથુરાજ પાછો એની સામો થયો; પણ ૧૧૯૩

માં સ્થાનેશ્વરના મેદાનમાં એ હારી ગયો ને દુશ્મનના હાથમાં પકડાયો, જેણે એને મારી નંખાવ્યો. ત્યાર પછી મહમદે અજમેર લૂટ્યું, અને એના ગુલામ કુતુબુદ્દીનને ત્યાંનો સૂબો નિમી એ પાછો ગિઝની ગયો. એક વરસ પછી પાછી હિંદુસ્તાન ઉપર એણે ચઢાઈ કરી, અને કનોજ તથા બનારસ જીતી લીધાં. કનોજના રાઠોડ રજપૂતો મારવાડમાં નાસી ગયા અને ત્યાં તેઓએ રાજ્ય ચલાવ્યું. મહમદ ઘોરીએ આ પછી ગુજરાત, અયોધ્યા, બંગાળા, અને બહાર જીતી લીધા. એણે હિંદુસ્તાન પર બંધી* મળી ૯ સ્વારીઓ કરી. ઈ. સ. ૧૨૦૬ માં ગિઝની જતાં પંજાબની ઉત્તર તરફના ગખકર નામે ઓળખાતી એક પાહાડી જાતના કેટલાક લોકોએ એના તંબુમાં ઘુસી જઈ એને મારી નાંખ્યો. એના મરણથી ઘોરી વંશની સમાપ્તિ થઈ.

III. AKBAR.

હુમાયુંનો છોકરો અકબર ઈ. સ. ૧૫૪૩ માં અમરકોટમાં જન્મ્યો હતો. એનું ખરૂં નામ જલાલુદ્દીન હતું. એ પોતાના જન્મથી તે ઈ. સ. ૧૫૫૫ સુધી કંદહાર અને કાબુલમાં રહ્યો હતો. જ્યારે

* 'All united,' *i.e.* in all, altogether.

હુમાયું મરણ પામ્યો, ત્યારે એ માત્ર ૧૩ વરસની વયનો હતો. આ કારણને માટે પાંચ વરસ સુધી સઘળો રાજકારભાર એના પ્રધાન બેરામે ચલાવ્યો. સિકંદર સુર અને મહમદ આદિલશાહનો વજીર હેમુ અકબરની સામે લડવાને એક મોટું લશ્કર લઈ ગયા. પેહેલાં હેમુએ કેટલીક જગ્યા ઘણી બાહાદુરી-થી લડાઈ કરીને જીતી લીધી, પણ પાછળથી પાણી-પતના મેદાનમાં બેરામે તેને હરાવ્યો, અને મારી નાંખ્યો ઈ. સ. ૧૫૫૬. સિકંદર પણ થોડા વખતમાં અકબરને તાબે થયો. ઈ. સ. ૧૫૬૦ માં અકબરે પોતાના પ્રધાનના હાથમાંથી ૧૮ વરસની વયે સઘળી સત્તા છીનવી લીધી, કારણ કે એ ગર્વિષ્ટ અને તીખા સ્વભાવનો થયો હતો એટલુંજ* નહીં પણ પોતાની સત્તાનો ગેરઉપયોગ કરવા લાગ્યો હતો. બેરામે પોતાની સત્તા ખોવાથી એક બંડ ઉઠાવ્યું, પણ અક-બરે તુરત તે બેસાડી દીધું. આ પછી બેરામ મક્કે† જવા નિકળ્યો પણ ગુજરાતમાં તેને મુબારકખાં નામના કોઈ પઠાણે મારી નાંખ્યો ઈ. સ. ૧૫૬૦.

ખાનઝમાન, રાજબાહાદુર, આદમખાં, અબ્દુલ ખાં અને બીજા ત્રણ મુસલમાન સરદારો અકબરની સત્તા સામા થયા, અને બંડ ઉઠાવ્યાં. અકબર એ

* V. Gr., Cap. VI., § 3.

† V. Gr., Cap. VI., § 5, p. 82.

સઘળા સામે સાત વરસ સુધી લડયો, અને તેમને વશ કર્યા (૧૫૬૦—૧૫૬૭).

આ પછી આ પાદશાહ જેપુરના રાજા ભારમલ, ઉદેપુર (ચિતોડ) ના સંગ રાજાના છોકરા ઉદયસિંગ, અને જોધપુરના રાજા માલદેવ જોડે ૧૫૬૭—૧૫૭૨ સુધી લડયો, અને ચિતોડ જીતી લઈ અકબર જોધપુરના રાજા માલદેવની છોકરી જોડે પરણ્યો. જાંહાંગીર આ રાણીનો કુંવર હતો. જેપુરના રાજા ભગવાનદાસે પણ અકબરને કન્યા દીધી. આ રાજાએ તેમજ તેના કુંવર માનસિંગે અકબરને તેના શત્રુઓને વશ કરવાને ઘણી મદદ આપી, અને તેઓ આ પાદશાહથી બહુ માન પામ્યા. અકબરે સઘળા રજપૂત રાજાઓને વશ કર્યા ખરા, પણ તેઓએ પાછળથી પોતાના રાજ્યનો ઘણો ખરો ભાગ જીતી લીધો, અને ઉદેપુર રાજધાની કરી.

અકબરે પોતાનાં* લાંબાં રાજ્યમાં ગએલી જગ્યાઓ પાછી જીતી લીધી અને ઘણી નવી જીતો મેળવી.

૧૫૯૫—અકબરે અહમદનગર જીતવાને પોતાના છોકરા મોરાદ અને એના આગલા વજીર બેરામના છોકરા મિરજાખાંને મોકલ્યા, પણ ત્યાંની રાણી ચાંદબીબીએ ઘણી બાહાદુરીથી તે જગ્યાનો બચાવ

---

* For the nasal ं added to these two words, V. Gr., p. 31, note *.

કર્યો, અને મોરાદ અને મિરજાખાંના લશ્કરને મારી કાઢ્યું. આખરે ૧૫૯૯ માં જ્યારે એ રાણીનું તેણીના વેરીઓએ ખુન કર્યું, ત્યારે ત્યાંની થોડીક જગ્યા અકબરે જીતી લીધી, અને ચાંદબીબીના છોકરા નિઝામશાહને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કર્યો; બાકીની થોડીક જગ્યા ત્યાંના હબસી વજીર મલીક-અંબરે પોતાના મરણ (૧૬૨૬) સુધી બચાવી રાખી. આ જગ્યા પણ આખરે અકબરના પૌત્ર શાહજહાંએ ૧૬૩૭ માં જીતી લીધી.

આ પ્રમાણે આ પાદશાહે પોતાની સત્તા ઘણી ફેલાવી, તેમજ પોતાની રૈયતને ઘણી સુખી કરી. બધા મુસલમાન રાજાઓમાં એ ઉત્તમ રાજા હતો. એણે હિંદુઓ ઉપરનો જજીઆવેરો કાઢી નાંખ્યો, અને ધર્મને માટે કોઈને પીડા કરી નહીં. પોતે ઘણો ભણેલો હોવાથી દરેક જાતની વિદ્યાને એ ઉત્તેજન આપતો. એણે મેહેસૂલ લેવાની રીતમાં સુધારો કર્યો, હિંદુઓને તેમની લાયકી પ્રમાણે ઉંચા ઓહ્દા આપ્યા, ગેરવાજબી કરો કાઢી નાંખ્યા, અને સતી થવાની માઠી ચાલનો અટકાવ કર્યો. અકબરના વખતમાં ઘણાક મહાન પુરૂષો હતા, જેમાં મુખ્ય રાજા ટોડરમલ્લ નામે એક હિંદુ, જે મેહેસૂલ ખાતાનો વડો હતો તે, અને એ પાદશાહનો વજીર અબુલફઝલ જેણે “આઇને અકબરી” નામના

પુસ્તકમાં અકબરનું જન્મ ચરિત્ર લખ્યું છે, તેઓ હતા. અકબરને ત્રણ છોકરા હતા—(૧) સલીમ જેણે ૧૬૦૧ માં પોતાના બાપ સામેજ બંડ ઉઠાવ્યું હતું, અને જે અકબર પછી ગાદીએ બેઠો, (૨) મોરાદ જે ૧૫૯૯ માં મરણ પામ્યો, અને (૩) દાનિયાલ જે ૧૬૦૪ માં મરણ પામ્યો. એનો વડો પુત્ર સલીમ સારી ચાલનો ન હોવાથી અકબરને ઘણું દુઃખ લાગતું, તોપણ મરતી વેળા એણે પોતાના સઘળા ઉમરાવોને બોલાવી તેમના* દેખતાં સલીમને રાજ્યનો વારસ ઠરાવ્યો, જેથી કરીને† કે એનાં મરણ પછી રાજ્યમાં ગાદી માટે કાંઈ બખેડા થાય નહીં. અકબર ઈ. સ. ૧૬૦૫ માં મરણ પામ્યો. એની લાસ આગ્રામાં દાટવામાં આવી હતી.

JAHĀNGĪR.

અકબરના વડા છોકરા સલીમે ગાદીએ બેસતાં જાહાંગીર એટલે "દુનિયા જીતનાર" એવું નામ ધારણ કર્યું. એણે અહમદનગર, બિજાપુર અને ગોવળકોંડાના રાજ્યોપર હુમલો કરી ખંડણી લીધી, અને એના છોકરા શાહજહાંએ ઉદેપુર ઉપર હુમલો

---

* 'In their presence,' 'when they were looking on.'
† 'With this object in view that,' *etc.*

કરી ત્યાંના રાણાને હરાવ્યો. આરંભમાં સલીમે એના બાપનાં કીધેલાં સર્વ કામો જારી રાખ્યાં, પણ પાછળથી તેમ કર્યું નહીં. ઈ. સ. ૧૬૧૧ માં જંહાંગીર નુરજહાં સાથે પરણ્યો. નુરજહાં અયાઝ નામના કોઈ ગરીબ ઈરાની ઉમરાવની ઘણી રૂપાળી બેટી અકબરનાં જનાનખાનામાં તેણીની મા જોડે જતી. જ્યારે અકબર જીવતો હતો ત્યારે સલીમે તેને જોઈને તેની સાથે પરણવા માગ્યું, પણ અકબરે તેમ ન કરતાં તેને શીરઅફ્ગાન નામના એક બાહાદુર હાકેમ સાથે પરણાવી. જ્યારે સલીમ ગાદીએ બેઠો ત્યારે તેણીની સાથે પરણવાના વિચારથી તેણીના ભરથારને તેણે સમજાવ્યો; પણ જ્યારે તેણે તેમ કરવા ના કહી ત્યારે જંહાંગીરે તેને મારી નખાવ્યો. આથી નુરજહાં ઘણી ગુસ્સે થઈ, પણ આખરે થોડા વખતમાં તેણી સલીમ જોડે પરણી, અને તેણીના બાપ અને ભાઈને તેણીએ મોટી મોટી પદ્વીઓ અપાવી. સલીમને પોતાના છોકરાઓથી ભારે દુઃખ ખમવું પડ્યૂં હતું. એના વડા છોકરા ખુસરૂએ એની સામે બંડ ઉઠાવ્યૂં, પણ તે આ પાદશાહે તુરત બેસાડી દીધું, અને ખુસરૂને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કર્યો, જ્યાં તે ૧૬૨૧ માં મરણ પામ્યો. એનો બીજો છોકરો પરવીઝ જેને એણે દક્ષિણનો સૂબો બનાવ્યો હતો તે ૧૬૨૬ માં મરણ પામ્યો. ઈ. સ. ૧૬૨૩ માં

એના બીજા છોકરા શાહજહાંએ પણ બંડ ઉઠાવ્યું, કારણ કે સલીમની મરજી પોતાના ચોથા છોકરા શહેરિયારને ગાદી આપવાની હતી.

ઈ. સ. ૧૬૨૫ માં નુરજહાંને મોહોબતખાં નામના એક અમીર જોડે કજીઓ થયો, કારણ કે એ અમીરે સલીમના બીજા છોકરા પરવીઝનો પક્ષ કર્યો હતો. નુરજહાંએ એનાપર ખોટી તોહોમતો મુકી એને ઘણો સતાવ્યો, તેથી આ અમીરે ૫,૦૦૦ રજપૂત સ્વારો લઈ સલીમને કેદ કર્યો ૧૬૨૬. નુરજહાંએ સલીમને છોડવવાના ઘણાક ઉપાયો લીધા, અને આખરે તેને છોડવ્યો. કેદમાંથી છુટયા પછી તે થોડા વખતમાં કાશ્મીરથી લાહોર જતાં તેની ૬૦ વરસની વયે ઈ. સ. ૧૬૨૭ માં મરણ પામ્યો. આ રાજાની દરબારમાં ઈ. સ. ૧૬૦૭ માં "કમ્પનીએ" કેપ્તન હોકિન્સ નામના એક ગૃહસ્થને મોકલ્યો હતો; અને પછી ઈંગ્લાંડના પેહેલા જેમ્સ રાજા તરફથી અંગ્રેજી એલચી સર ટોમસ રો ૧૬૧૫ માં આવ્યો હતો. એ બન્નેને સલીમે પેહેલાં સારો આવકાર દીધો, પણ પાછળથી મોકિબખાં નામના સૂબાના, તેમજ નુરજહાંનો ભાઈ અસોફખાં જે વજીર થયો હતો તેના, અને સલીમના છોકરા શાહજહાંના સમજાવ્યાથી પાદશાહે તેમને દરબાર છોડી જવાનો હુકમ કર્યો.

સલીમ સમજણવાળો અને ઈનસાફી પણ દારૂડી-

ઓ હતો. પોતાની રૈયતની ફરિયાદ પોતે સાંભળવાને માટે પોતાના ઓરડાની અંદરથી તે જમીન સુધી એક લાંબી સાંકળ રાખતો; જે સાંકળનો છેડો તેના મેહેલમાં હતો તેની સાથે ઘંટો બાંધેલા હતા; માટે જ્યારે કોઈ ફરિયાદ કરવા જતો, ત્યારે તે સાંકળ તે ખેંચતો, જેથી ઘંટોનો અવાજ થતો, અને પાદશાહ તે માણસને પોતાની આગળ બોલાવીને તેની ફરિયાદ સાંભળી લેતો.

AURANGZEB.

ઈ. સ. ૧૬૫૭ માં શાહજહાં ઘણો માંદો પડ્યો, ત્યારે દારા તેના બાપ પાસે આગ્રે હતો, સુજા બંગાળામાં, ઔરંગજેબ દક્ષિણમાં, અને મુરાદ ગુજરાતમાં હકુમત ચલાવતા હતા.

જ્યારે આ છોકરાઓએ પોતાના બાપના મંદવાડના સમાચાર સાંભળ્યા, ત્યારે સુજા અને મુરાદે ગાદીના ધણી થવાના વિચારથી પાયતખ્ત ભણી કુચ કરી. ઔરંગજેબ, ગોવળકોંડાના પ્રખ્યાત સરદાર મિરજુમલાને પોતાના પક્ષમાં લઈ, પોતાના બેવકુફ ભાઈ મુરાદ સાથે મળી ગયો, અને તેને સમજાવ્યું કે મારે તો મક્કે જઈ ભક્તિ કરી મારો વખત કાઢવો છે; પણ હું એમ કરૂં તે પેહેલાં મારી ઈચ્છા તને ગાદી અપાવવાની છે, કારણ કે તારા શિવાય

બિજા ભાઈઓ રાજ્ય ચલાવવાને યોગ્ય નથી. મુરાદે ઔરંગજેબના બોલવા પર પૂર ભરોસો રાખ્યો, અને તેની સાથે મળી ગયો. પેહેલાં દારાએ પોતાના ભાઈ સુજાને ૧૬૫૭ માં કાશી આગળ હરાવ્યો; પણ ૧૬૫૮ માં ઔરંગજેબ અને મુરાદે દારાના સેનાપતિ જસવંતસિંહને પેહેલાં ઉજ્જેણ આગળ, અને પછી તેજ વરસમાં દારાને આગ્રા આગળ હરાવ્યો. એમ કહેછે કે દારાના હાથીને કંઈ લાગ્યાથી તે ઘણો મસ્તાન થયો, માટે દારા નીચે ઉતરી પડ્યો; પણ લશ્કરને તે વિષે કંઈ ખબર ન હોવાથી, તેમજ વળી હાથીને ખાલી જોવાથી, તેઓએ એમ વિચાર્યું કે દારા માર્યો ગયો—અને તેથી તેઓ સઘળા નાસી ગયા. દારા આગ્રા આગળ હારી ગયા પછી દિલ્હીમાં નાસી ગયો. ઔરંગજેબે આ ફતેહ મેળવ્યા પછી તુરત પોતાના બાપ સલીમને એક કિલ્લામાં પૂર્યો, અને દારાની પુઠે દિલ્હી ગયો. રસ્તે જતાં ઔગરંજેબે મુરાદને કેદ કર્યો, અને દિલ્હીમાં પોતાના નામની દુવાઈ ફેરવી ઈ. સ. ૧૬૫૮.

શાહજહાં ૧૬૬૮ માં બંદીખાને રહીને મૂઓ. તાજમેહેલ જે એક અતિ સુંદર ઈમારત છે, તે આ પાદશાહે પોતાની બેગમ મુમતાજમહાલની યાદગારી સારૂ બંધાવ્યો હતો.

ઔરંગજેબ અથવા આલમગિર પેહેલાએ પોતાના ભાઈઓને દગાથી તેમજ ખુલ્લી રીતે લડાઈઓ કરીને વશ કર્યા:—દારા જ્યારે મુલતાનથી નાસી જતો હતો, ત્યારે તેને ત્યાંના સૂબા જહાનખાંએ પકડી ઔરંગજેબ પાસે મોકલાવી આપ્યો, જેણે ૧૬૫૯ માં તેને મારી નંખાવ્યો. સુજા ૧૬૫૯ માં કજવાની લડાઈમાં હારી જઈ આરાકાન નાસી ગયો, જ્યાં તે ૧૬૬૦ માં મરણ પામ્યો; અને મુરાદને કંઈ બહાનું કાઢી ૧૬૬૧ માં મારી નાંખ્યો. આ પ્રમાણે એણે પોતાના હરીફોને મારી નાંખી "આલમગિર" અથવા દુનિયાં જીતનારનાં નામથી રાજ્ય ચિન્હો ધારણ કર્યાં. શાહજહાંને બંદીખાનેથી છોડવવાને જોધપુરના રાજા જસવંતસિંહે અને બીજા કેટલાકોએ યુક્તિઓ કરી હતી પણ તેમાં તેઓ ફાવ્યા ન હતા.

ઔરંગજેબે પોતાના બાપથી ઉલટી રીતે ચાલીને હિંદુઓ ઉપર ભારે વેરો નાંખ્યો, અને તેમનાં દેહરાં લૂટી તેમના ઉપર ઘણી તરેહના ધર્મ સંબંધી જુલમો ગુજાર્યા. આથી તેનાં રાજ્યમાં શાંતી રહી નહીં. દિલ્હીની નૈરૃત્ય કોણે નારોળ ગામમાં સતરામી નામના હિંદુઓએ બંડ ઉઠાવ્યું, અને ઔરંગજેબનાં લશ્કરને ઘણીકવાર મારી હાંકી કાઢ્યું. આખરે જ્યારે એ રાજા પોતે એક લશ્કર લઈ ત્યાં

ગયો, અને તેમને હરાવ્યા, ત્યારે તેઓ તાબે થયા, ઈ. સ. ૧૬૭૬.

જોધપુરના રાજા જસવંતસિંહે ઔરંગજેબને હિમ્મતથી એક કાગળ લખી હિંદુઓપર જુલમ નહીં ગુજારવાને સમજાવ્યો; પણ આ પાદશાહે તે ઉપર કંઈ ધ્યાન આપ્યું નહીં, એટલુંજ નહીં, પણ ૧૬૭૭ માં જસવંતસિંહના મરણ પછી એ તેની સ્ત્રી અને બે કુંવરો ઉપર પણ જુલમ ગુજારવા લાગ્યો; આથી જેપુરનો રાજા રામસિંહ, મેવાડનો રાજસિંહ, અને બીજા ઘણાક રજપૂત રાજાઓ ઔરંગજેબની સામા* થયા. એમને વશ કરવાને પાદશાહે પોતાના છોકરા મોઆજીમ, આજમ, અને અકબરને એક મોટું લશ્કર આપી મોકલ્યા, જેઓએ તેમને હરાવી તેમના ઉપર બહુ જુલમ ગુજાર્યો. ઔરંગજેબે ૧૬૮૩—૧૭૦૭ સુધી દક્ષિણમાં લડાઈઓ ચલાવી અને ૧૬૮૬ માં સિકંદર આદિલશાહને હરાવીને બિજાપુર, ૧૬૮૭ માં અબુલહુસેનને હરાવીને ગોવળકોંડા, અને ૧૭૦૦ માં સતારા જીતી લીધાં. ઈ. સ. ૧૭૦૧ માં અંગ્રેજી એલચી સર વિલિયમ નોરિસે ઔરંગજેબની ભેટ લીધી હતી. આ પાદશાહે પોતાની સત્તા છેક કન્યાકુમારિ સુધી ફેલાવી, અને જમાબંધીની ઉપજના ૩૬

* Notice that this *adj. sāmo* requires the *fem. gen.* (-*nī*) before it

કરોડ રૂપિયા વસુલ કર્યા. એના જુલમને લીધે રજપૂતો, જેઓ લાંબો વખત* થયો મોગલ વંશના રાજાઓના મિત્ર હતા, અને લડાઈને વખતે તેમને મદદ કરતા, તે લોકો તેમજ મરેઠા લોકો એના કટ્ટા વેરી થયા, જેમને એ મરણ પામ્યો† ત્યાંસુધી વશ કરી શક્યો નહીં. ઔરંગજેબ ૧૭૦૭ માં અહમદનગરમાં પોતાની ૮૯ વરસની વયે મરણ પામ્યો.

ઓરંગજેબને પાંચ શાહજાદા હતા—મહમદ જે ૧૬૬૭ માં ગ્વાલિયરમાં મરણ પાગ્યો, મોઆજીમ, અકબર, આજમ, અને કામબક્ષ. મોઆજીમ શાહઆલમ પેહેલાના નામથી ગાદીએ બેઠો. આજમ એની સામો થયો, પણ ૧૭૦૭ માં આગ્રા આગળની લડાઈમાં માર્યો ગયો. કામબક્ષ પણ મોઆજીમ સામો લડવા ગયો પણ ૧૭૦૮ માં હૈદ્રાબાદની લડાઈમાં માર્યો ગયો.

IV. HAIDAR 'ALĪ.

હૈદર ઈ. સ. ૧૭૦૨ માં જન્મ્યો હતો. એ મ્હૈસૂરમાં હિંદુ રાજાના ઘોડે‡ સ્વાર લશ્કરના એક અમલદારનો છોકરો હતો. મ્હૈસૂરના રાજાની નોકરીમાં

---

* 'For a long time since.'

† 'Up to the time he died,' *i.e.* 'as long as he lived.'

‡ 'Mounted on horseback.'

એ ૨૧ વરસની વયે દાખલ થયો. થોડા વખતમાં એ પોતાની ચાલાકીથી ઊંચી પદ્વીએ ચઢ્યો. લૂટ, લૂચ્ચાઇ, અને ઠગાઈથી એણે મોટું લશ્કર અને ઘણા પૈસા એકઠા કરી મ્હૈસૂરના પ્રધાન નન્દરાજ, જેના હાથ નીચે એ નોકરી કરતો હતો, તેને દૂર કર્યો, અને રાજા તેમજ નન્દરાજને* વરસ દહાડ ચોકસ રકમ આપવા* કહીને પોતે મ્હૈસૂરનો ધણી થયો ઈ. સ. ૧૭૬૧. ૧૭૬૩ માં એણે બડનોરનો કિલ્લો લીધો. ચોથા પેશ્વા માધવરાવે એનું બળ ઘણું વધતું જોઇને એના ઉપર એક મોટું લશ્કર લઇ જઈ એને સખત હાર આપી, જેથી એને મરેઠાઓને ૩૨ લાખ રૂપિયા આપવા પડયા. ૧૭૬૬ માં એણે કાલિકટ જીત્યું. આ ફતેહથી નિઝામ અને મરેઠાઓએ સંપ કરી હૈદરનું સઘળું રાજ લઈ લેવાનો વિચાર કર્યો; પણ હૈદર તેમને લાંચ આપી બચી ગયો. હૈદરે હવે અંગ્રેજોનાં રાજ ઉપર હુમલો કર્યો, પણ કર્નલ સ્મિથે તેને ૧૭૬૭ માં ચંગામ અને ત્રિનોમાલી આગળ હરાવ્યો. અમ્બુરગઢ ઉપર પણ હુમલો કરવામાં હૈદર હારી ગયો. આવી હાર થયાથી એ એક મોટું લશ્કર લઇ કર્ણાટક પાયમાલ કરી છેક મદ્રાસ તરફ વધી ગયો અને અંગ્રેજી લશ્કરને મારી વિખેરી નાંખ્યું. આ ફતેહથી હૈદરે હવે મરેઠાની

---

* 'To give precisely a year and a day's allowance (of notice).'

જુસરીમાંથી નિકળી જવાની તૈયારી કરી, પણ ઈ. સ. ૧૭૭૨ માં ચેરકુલીની લડાઈમાં મરેઠા સરદાર ત્રિંબ-કરાવે તેને સખત હાર ખવાડી, જેથી તેને મરેઠા-ઓને ૩૬ લાખ રૂપિયા અને કેટલીક જગ્યાઓ આપવી પડી. જ્યારે મરેઠાઓ એનાં રાજ્ય પર ચઢી આવ્યા ત્યારે એણે ૧૭૬૯ ની મદ્રાસની સંધિ પ્રમાણે અંગ્રેજોની મદદ માંગી, પણ તેઓએ તેનું કંઈ સાંભળ્યું નહીં; આથી હૈદર તેમનો કટ્ટો દુશ્મન થયો. મરેઠાઓની માંહોમાંહેની લડાઈથી હૈદરે પાંચ વરસમાં પોતાની ખોએલી સઘળી જગ્યા પાછી જીતી લીધી, અને એક ઘણું મોટું લશ્કર લઈ અંગ્રેજોની સામો પાછો ગયો. કર્નલ બેલી એની સામો લડવા આવ્યો, પણ પોલીલોરની પેહેલી લડાઈમાં તે હારી ગયો, અને કેદ પકડાયો ઈ. સ. ૧૭૮૦. ૧૭૮૧ માં આયરકૂટ સરદારે પોર્ટોનોવો અને પછી શોલિં-ગરની લડાઈમાં હૈદરને હરાવ્યો. હૈદરે ૧૭૮૨ માં તેલીચરિ ઉપર હુમલો કર્યો, પણ ત્યાંના રેહેવાસી-ઓએ બાહાદુરીથી ૧૮ માસ સુધી ટકાવ કર્યો, અને પછી મદદ મળતાંજ હૈદરનાં લશ્કર પર હુમલો કરી તેને હરાવ્યો, અને તેના ૧૨૦૦ માણસને બંદીવાન કીધાં. આ વગર ભણેલો પણ શૂરો માણસ ૧૭૮૨ માં પોતાની ૮૦ વરસની ઉમરે ચિતોડમાં મરણ પામ્યો.

V. EXTRACTS FROM A GUJARĀTĪ NEWSPAPER.

[These extracts are written in Pārsī-Gujarātī, but, except that (1) they contain a few more Arabic and Persian words than ordinary Gujarātī, (2) that *l* continually takes the place of *ḷ*, and *par-* of *pra-*, and (3) that *y* is occasionally omitted in the preterite of verbs, need little remark.* The English words and proper names which occur in them are not inserted in the Vocabulary. But, as the student may perhaps find them troublesome to recognise in their Gujarātī dress, we append a list of them here in the order in which they occur.

Freñch = French.
Yurop = Europe.
Vāisrāy = Viceroy.
Keneḍā = Canada.
Ḍepyuṭeśan = Deputation.
Frenchmen = French*man*.
Lārḍ Grānvīl = Lord Granville.
Perīs = Paris.
Brīṭīś = British.
Frāñs = France.
Eḍīnbaro Rīvyu = Edinburgh Review.
Mī. Henrī Rīv = Mr. Henry Reeve.
Ḍyuk ov Beḍforḍ = Duke of Bedford.
Sar Chārlas Ḍīlk = Sir Charles Dilke.
Seṭarḍe Rīvyu = Saturday Review.
Senṭsbarī = Saintsbury.
Lārḍ Sālsbarī = Lord Salisbury.
Lārḍ Rozbarī = Lord Roseberry.
Lārḍ Jyārj Hemilṭan = Lord George Hamilton.
Lārḍ Bīkansfīlḍ = Lord Beaconsfield.
Mājisṭreṭ = Magistrate.
Mī. Kupar = Mr. Cooper.
Polīs = Police.
Kāñsṭebal = Constable.
Nelmas = Nelmes.
Solīsīṭar = Solicitor.
Mī. Līṭal = Mr. Little.
Āspīṭal = Hospital.
Līsṭ = list.
Kāronar = Coroner.
Seśans kamīṭ (karvuñ) = to commit to the Sessions.
Kalāke = o'clock.]

---

* But we may also notice that such phrases as (1) "*amo jatāñ hatāñ*" etc. for *ame jatā hatā*, and also (2) "*agarjo mane khabar* hate *to kadī bī huñ tyāñ* . . . sute *nahī*," for *jo mane khabar* hot, *to kadī paṇ huñ tyāñ . . . sutī na*hot, are Pārsī peculiarities. In the first phrase the verb is not *neuter* but *masc.* with a nasal sound attached.

1.—સફાઈદાર અને શુધ ફ્રેંચ ભાશા બોલનાર ઈંગરેજો.

ઈંગરેજો ફ્રેંચોના પાડોશી છે અને એકમેક સાથે વેપાર ધંધા વગેરેનો ઝાઝો સંબંધ હોવાથી તથા યુરોપમાં સંધે ફ્રેંચ ભાશા સાધારણ હોવાથી, ઘણા-ખરા ઈંગરેજો ફ્રેંચ શીખે છે પણ તે શુધ ઉચારે અને વયાકરણ કે રૂઢીની ભુલચુક વગર થોડાઓજ બોલી શકે છે અને તેઓ નવાઈના નમુના ગણાય છે. તેવાઓમાં એક આપણા નામદાર વાઈસરાય છે. તેવણ કેનેડાના વાઈસરાય હતા તે વખતે એક ફ્રેંચ ડેપયુટેશન તેમને માનપતર આપવા આવયું તેનો જવાબ આપતાં તેવણે એવી સરસ ફ્રેંચ ભાશા વાપરી કે પેહેલા બે તરણ બોલો તેમનાં મોહમાંથી બહાર પડતાંજ ડેપયુટેશનના ગરહસ—થોએ હરખના પોકાર કરવા માંડયા પણ તેવણના મમાવા ફ્રેંચમેન હતા અને તેથી ફ્રેંચની એ શુધતા તેવણમાં ઓધે ઉતરી છે. લારડ ગરાન-વીલ બી સારી છટાથી ફ્રેંચ બોલે છે. તેવણના પીતા પેરીસ ખાતે બરીટીશ એલચી તરીકે ઘણાં વરસ રહેલા હતા અને તેવણ જોડે લારડ ગરાનવીલે બી જવાનીનો ઘણો વખત ફરાંસમાં ગુજારયો હતો તથા વલી તેમની પેહેલી બાયડી બી જાતે ફ્રેંચ હતી.

આથી તેવણને ફરેંચ ભાશા અને ફરેંચ પરજાનો ઘણો સરસ અનુભવ છે અને પરદેશખાતાંના પરધાન હતા તે વખતે એ અનુભવ તેમને બહુ કામ લાગો હતો. ઈંગલંડમાં તેવણ ફરેંચ ભાશાના ખાં ગણાય છે પણ તેવણ પોતે તે માન ના પાડી કહેછે કે તેમનું ભંડોલ ઉંડું નહી પણ બાહેરનું છે. વયાકરણનું શુધપણું, ઉચારની સફાઈ અને છટાદાર ઢપની મદદથી તેવણનું એ ભાશાનું થોડું જ્ઞાન દેખઈતું વધારે લાગેછે. પણ ઈંગરેજોમાં સઉથી સરસ ફરેંચ ભાશા બોલનાર એડીનબરો રીવયુનો અધીપતી મી૰ હેનરી રીવ કહેવાય છે. ડયુક ઓવ બડફરડ લગભગ એવાજ સરસ ફરેંચનાં ખાં છે, પણ તેવણ એવી ખુણે પડેલી જીંદગી ગુજારે છે કે તેમનાં ભંડોલનો લાભ દુનયાને મલતો નથી. સર ચારલસ ડીલક છટાથી અને શુધ ફરેંચ બોલે છે પણ તેમના ઉચારો મન માનતા નથી. "સેટરડે રીવયુ" નો અધીપતી મી૰ સેનટસબરી ફરેંચ બોલવામાં ઝાઝો કુશલ નથી પણ ફરેંચ સાહીતયનું ભંડોલ તેનામાં જબરૂં છે. લારડ સાલસબરી છટાથી ફરેંચ બોલે છે પણ ઉચાર અને જાતીમાં ઝૂરાબંધ ભુલો કરે છે, લારડ રોઝબરી ધીરે ધીરે અને સંભાલથી બોલે છે. લારડ જયારજ હેમીલટન ફરેંચ જાણતા નથી અને એ કારણને લીધે તો ૧૮૭૪માં લારડ બીકનસફીલડે તેવણને

પરદેશખાતાંનું નાયબ પરધાનપદ આપવા માગયું તે લેવા તેઓએ ના પાડી હતી.

2.—અંજાણપણે ખુન કરવાનો આરોપ.

ગઈ પરમ દીને વડા માજીસટરેટ મી૦ કુપર સનમુખ પોલીસ ફોજના કાનસટેબલ મી૦ નેલમસે નારાયણ કેવાજી નામના એક ઘોડાવાલાને બેદરકારીથી ગાડી હાંકી ભાગી નામની એક છોકરીને કચડી નાંખી અંજાણપણે ખુન કરવાના આરોપ માટે ઉભો કરયો હતો. સરકાર તરફથી મુકદમો ચલાવવાને સરકારી સોલીસીટર મી૦ લીટલ હાજર હતા. * * * * *

આરોપીએ સાક્ષીને ઉલટપાલટ તપાસવાની ના પાડી હતી.

ભીમી નામની સ્ત્રીએ મી૦ લીટલની તપાસમાં જણાવયું કે હું ભીખ માગું છું. મરનાર મારી દીકરી થતી હતી. તેણીનું નામ ભાગી હતું. તેણીની ઉમર બે વરસની હતી. ધોબીતલાવ ઉપર આવેલી એક ચાલી આગલ એક દીવસે સવારનાં દશ કલાકે રોટી ખાઈ હું અને મરનાર સુતાં હતાં, એ વેલાએ બાજુ થવાની કશી બુમ મારયા વીના, આરોપીની ગાડી તયાં દાખલ થઈ અને અમારા શરીર ઉપરથી પસાર થઈ ગઈ હતી. એ ચાલીના ઓટલાની બાજુની જમીન ઉપર અમો સુતાં હતાં. એ ગાડી મોટા

રસતા ઉપરથી દાખલ થઈ હતી. તે વેલાએ ફકત મારી આંખ લાગી હતી, હું સુઈ ગઈ ન હતી. જ્યારે મારી દીકરીએ (મરનારે) ચીચારી પાડી, તયારે હું સાવચેત થઈ. એ વેલાએ મેં આસપાસ જોયું, એટલે મને જણાયું કે મારી છોકરીને સખત ઈજા થઈ હતી, તેમજ મારો હાથ કચડાયો હતો અને ગાડી પુર જોરમાં દોડતી હતી. મરનારનાં માથાં ઉપર એથી ઈજા થઈ હતી. એ વેલાએ એક બીજો ભીખારી મારી નજદીકમાં સુતો હતો. મરનારને આસપીટલમાં લઈ જવામાં આવી હતી, એ વેલાએ તેણીનાં કાનમાંથી લોહી વેહેતું હતું. બાદ તયાંજ તેણી મરણ પામી હતી. ગાડીવાલા (આરોપી) એ બાજુ થવાને કશી બુમ ન પાડી હતી. મરનારને ઈજા થઈ તે આગમજ તેણી તંદરોસત હાલતમાં હતી. મને ખબર ન હતી કે તે રસતા ઉપર ગાડી ઘોડાનો આવજાવ છે, અગરજો મને ખબર હતે તો કદી બી હું તયાં (મરનાર) મારી છોકરી સાથે સુતે નહી. એ દીવસ સોમવારનો હતો જે પછી આજ સુધી બે સોમવારો પસાર થયાં છે.

આરોપીએ જણાવયું કે સાક્ષીને ઉલટપાલટ તપાસતો નથી. મારી ગાડી દરવાજામાં દાખલ થઈ તે વેલાએ મને રસતા ઉપર સુતેલું કોઈ માલમ પડયું નહી.

રૂસતમજી ફરદુનજીએ મી૦ લીટલની તપાસમાં જણાવયું કે હું પારસી ધરમગુરૂ છું. આરોપીને ઓલખું છું, તે મારી સાથે તેડાં કરવા ગાડી હાંકતો હતો. આરોપી ગાડી ફેરવનાર પારસીની નોકરીમાં છે. પારસી સ્ત્રીઓ સાથે લગનનાં તેડાં કરવા આરોપીની ગાડીમાં અમો જતાં હતાં. એ વેલાએ સવારનો દશ કલાકનો વખત હતો. અમો વહાડયાની ચાલીમાં તેડાં કરવા માટે, વહાડયાનાં આતશબેહેરામને રસતેથી તયાં ગયાં હતાં. ડાબી બાજુ તરફના દરવાજામાં ગાડીએ વલાંણ લીધી તે વેલાએ ઘોડો ચાલતો હતો. અમો અંદર (દરવાજાની) દાખલ થયાં, તે વેલાએ ઘોડાવાલાએ બુમ મારી તે મેં સાંભલી. કારણ કે તે વેલાએ તેડાંનાં લીસટ ઉપર મારૂં ધયાન ખેંચાયું હતું. તેણે બુમ પાડી કે "ચાલ બાજુ." બાજુ થવાને માટે આરોપીએ ૮-૧૦ વરસની છોકરીને જણાવયું અને ગાડી ચાલુજ હતી. અમો આગલ વધયા, તયાર બાદ મને જણાયું કે કોઈના ઉપરથી ગાડી ફરી ગઈ હતી, પણ તે કોણ હતું તેની મને ખબર પડી નહીં. આરોપીને મેં જણાવયું કે આગલ હાંકવા આગમજ તેં જોયું હતું કે નહીં? અતરે મેં મરનારની માતાને બુમ પાડતી સાંભલી હતી. સોનાપોરની ગલી આગલ સ્ત્રીઓએ ઉતરી પડી તુરતવેલા તેડાં કરવાનું માંડીવાલયું, કારણ કે

ઉપલા બનાવથી તેમને અપસગન નડવા હતા. એ બાદ પોલીસ સીપાઈ ત્યાં આવ્યો અને આરોપીને ગાડી સાથે લઈ ગયો હતો. બાદ મરનારને કારોનરની તપાસ વેલાએ જોઈ હતી, જેમાં મેં જુબાની આપી હતી.

મી० લીટલે માજીસટરેટથી જાણવા માગ્યું કે કારોનરે આરોપીની સેશનસ કમીટ કરયો છે, ત્યારે તમને આરોપીને જામીન ઉપર છોડવાની સતા છે કે નહી?

માજીસટરેટ—મેં કારોનર ઉપર એ વીશે લખી જણાવયું કે આરોપીને જામીન ઉપર કાં ન છોડવો? મને જવાબ મલયો છે કે આરોપીએ એવી કશી અરજ કારોનર સનમુખ કરી ન હતી. હું તેને રૂપયા ૧૦૦ ના જામીન ઉપર છોડવાનો હુકમ કરૂં છું. આરોપીને એ હુકમ સાથે કારોનર સનમુખ મોકલવામાં આવશે અને જો તેવણ દરૂસત ધારશે તો આરોપીને છોડવાનો હુકમ કરશે. તેને એકદમ છોડવાનો હુકમ કરવાની મને સતા નથી, કારણ કે કારોનરે આરોપીને સેશનસ કમીટ કરયો છે.

ગાડી ભાડે ફેરવનાર પેસતનજી એદલજી આરોપીના જામીન થવાને કબુલ થયા હતા. એ પછી વધુ તપાસ મુલતવી રહી હતી.

PART III.

GUJARĀTĪ VOCABULARY TO THE READING LESSONS.

CONTRACTIONS.

Ar. = Arabic.
Eng. = English.
G. or Guj. = Gujarātī.
H. or Hind. = Hindī.
P. or Pers. = Persian.
Sk. or Sansk. = Sansk*ri*t.
U. or Urd. = Urdū.
m., *f.*, *n.* = masculine, feminine, neuter.
adj. = Adjective.
adv. = Adverb.
pr. n. = Proper name.
v. gr. = See Grammar.
postp. = Postposition.
Etc., etc., etc.

VOCABULARY.

A and Ā (અ and આ).

A, *dem. adj.*, this, these (*v.* gr.).

Abdul Fāt Lodī, *m.*, (Pers. عبد الفاتح لودي), pr. n. of a chief of Multān.

Abdul Fazl, *m.* (Pers. عبد الفضل), pr. n. of the Vazīr of King Akbar.

Abdul Khāñ, *m.* (Pers. عبد الخان), pr. n. of a Muḥammadan chief.

Abdullā, *m.* (Ar. عبد الله), pr. n. of an Arab.

Abdul Malik, *m.* (Ar. عبد الملك), pr. n. of a man.

Abdul Motāleb, *m.* (Ar. عبد المطّلب), pr. n. of an Arab, 'Abdu'l Muṭṭalib.

Abdul Rehemān, *m.* (Ar. عبد الرحمن), pr. n. of an Arab, 'Abdu'r Raḥmān.

Abhimān, *n.*, pride, arrogance.

Abrūdār, *adj.* (Pers. آبرودار), honorable.

Abū Bakar, *m.* (Ar. ابو بكر), pr. n. of an Arab, Abū Bakr.

Abūl Husen, *m.* (Ar. ابو الحسن) pr. n. of a man, Abū 'l Ḥusain.

Abū Tāleb, *m.* (Ar. ابو طالب), pr. n. of an Arab, Abū Ṭālib.

Ādam Khāñ, *m.* (Pers. آدم خان), pr. n. of a Muḥammadan chief.

Adbhut, *adj.*, wonderful, strange, marvellous.

Adekhāī, *f.*, envy, jealousy; *a.*, *karvī*, to envy.

Adhik, *adj.* and *adv.*, more.

Adhikār, *m.*, power, authority; right.

Adhipati, *m.*, Editor (of a paper); ruler, master.

Ādilśāh, *m.* (Pers. عادل شاه), pr. n. of a man.

Afgānastān, *n.* (Pers. افغانستان), Afghānistān.

Āgaḷ, *postp.*, before, in front of.

Āgamaj, *adv.*, before, previously.

Agar, *conj.*, (Pers. اگر), if.

Agarjo, *conj.*, (Pers. اگر and Guj. *jo*), if.

Agatya, *f.*, importance, need: *agatya-no*, (*nī*, *-nuñ*), important.

Agīārm-o, -ī, -uñ, *num. adj.*, eleventh.

Agl-o, -ī, -uñ, *adj.*, former.

Agnī, *f.*, fire.

Āgrā, *n*, the city of Āgrā.

Ahmadnagar, *n.*, the city of Aḥmadnagar.

Āīne Akbarī (Pers. phrase آئینہ اکبری), Mirror of Akbar.

Ajāeb, *n.* (Ar. Pl. عَجائب from عَجیب), wonders, wonderful things, miracles: *adj*, wondrous.

Ajāṇ-o, -ī, -uñ, *adj.*, ignorant, (of -*thī*).

Ājim, *m.* (Ar. عاظم), pr. n. of a son of Aurangzeb.

Ajmer, *n.*, the city of Ajmere.

Ākār, *m.*, form, shape.

Ākāś, *n.*, the sky, heaven; the æther.

Akbar, *m.*, (Ar. اكبر), pr. n. Emperor Akbar.

Ākhare, *adv.* (Ar. آخر and Guj. term. *e*), at last, finally.

Akh-o, -ī, -uñ, *adj.*, the whole, all.

Alamgīr, *m.* (Pers. عالمگیر), pr. n. and title of Aurangzeb. ('Ālamgīr = 'World-seizer.')

Alā uddīn, *m.* (Ar. علا الدّین), pr. n. of a man, 'Alā u'ddīn.

Alaukik, *adj.*, extraordinary, novel, unusual.

Alī, *m.* (Ar. علی), pr. n., 'Alī.

Al-Kadr (Ar. القدر), name of the night (called in full لَیْلَةُ القدر, *i.e.* 'night of power *or* of fate'), on which the Qurân began to be revealed.

Alptagīn, *m.*, pr. n. of a chief (Turkish).

Al-siddīk, *m.* (Ar. الصّدّیق, the truthful), pr. n. of an Arab.

Al-zobair, *m.* (Ar. الزُّبیر), pr. n. of an Arab, Az-Zubair.

Ame, *p. pron.*, we (*v. gr.*).

Amaldār, *m.* (Pers. عملدار), officer, official, governor.

Amarkoṭ, *n.*, pr. n. of a town.

Amburgaḍh, *n.*, pr. n. of a town and fort.

Amīnā, *f.*, (Ar. آمنه), Āmina, pr. n. of Muḥammad's mother.

Amīr, *m.* (Ar. أمیر), a nobleman.

Amo, *p. pron.*, we (*v. gr.*).

Ānākānī, *f.*, reluctance, hesitation; *ā. karvī*, to hesitate.

Anangapāḷ, *m.*, pr. n. of a son of Jaipāl.

Aṇāvavuñ, *v. tr.*, to cause to bring; *viśvās aṇ.*, to cause to believe, cause to accept.

Andar, *postp.* (Pers. اندر), within, inside.

Āndhḷ-o, -ī, -uñ, *adj.*, blind.

Ane, *conj.*, and.

Angikār, *n.*, acceptation; *a. karvuñ*, to accept.

Angḷī, *f.*, a finger, a toe.

Angrej, *m.* (Urdū انگریز), an Englishman.

Angrejī, *adj.*, English.

Anjāṇpaṇuñ, *n.*, ignorance, want of intention.

Ankh, *f.*, an eye.

Antahkaraṇ, *n.*, the heart, conscience.

Anubhav, *m.*, experience.

Aṇvuñ, *v. tr.*, to bring.

Apamān, *n.*, dishonour, insult.

Apaṇn-o, -ī, -uñ, *adj. pron.*, our, ours (incl., *v. gr.*).

Apasagaṇ } *m.*, an ill omen.
Apaśakun }

Apavās, *m.*, a fast, fasting.

Apāvavuñ, *v. tr.*, to cause to give (fr. *āpvuñ*).

Apāvuñ, *v.* (pass. of *āpvuñ*), to be given.

Āpṇe, *p. pron.*, we (incl., *v. gr.*).

Āpṇ-o, -ī, -uñ, *pron. adj.*, our, ours (incl., *v. gr.*).

Āpvuñ, *v. tr.*, to give: (with *oblique infin.* of preceding verb), to permit.

Arab, *m.* (Ar. عرب), an Arab; *Arab lok*, Arabs.

Arabastān, *n.* (Pers. عربستان), Arabia.

Arabī, *adj.*, Arabian, Arabic.

Araj, *f.* (Ar. عرض), a request, representation.

Arākān, *m.*, pr. n. of a province.

Arambh, *m.*, beginning.

Arop, *m.*, accusation, charge.

Āropī, *m.*, accused, defendant criminal.

Asal } *adj.* (Ar. اصل),
Asal-n-o, -ī, -uñ } original, old, ancient.

Āsare, *adv.*, about, nearly

Āścharya, *n.*, surprise, marvel; *adj.*, wonderful, strange.

Asof Khāñ, *m.*, pr. n. of a brother of Nūr Jahān.

Āspās, *postp.*, near, close to, at hand.

Aśuddh, *adj.*, impure, unclean.

Ātaś, *m.* (Pers. آتش), fire.

Ātaśbeherām, *m.*, a fire-temple.

Āṭh, *num. adj.*, eight.

Āṭhm-o, -ī, -uñ, *adj.*, eighth.

Athvā, *conj.*, or.

Ati, *adv.*, very, extremely.

Atīk, *m.* (Ar. عتیق, liberated slave), pr. n.

Aṭkāv, *m. f.*, obstruction, hindrance.

Aṭkāvavuñ, *v. tr.*, to prevent, hinder; refuse.

Ātmā, *m.*, a spirit, soul.

Atre, *adv.*, here, hither.

Aurangjeb, *m.* (Pers. اورنگزیب), pr. n., Aurangzeb.

Avāj, *m.* (Pers. Urdū آواز, *f.*) voice, sound.

Avakār, *m.*, a courteous reception.

Avasar, *m.*, opportunity, occasion ; period.

Avasthā, *f.*, state, condition.

Avavuñ, *v. intr.*, to come.

Aviśvāsī, *adj.*, unbelieving ; *subs. m.*, unbeliever.

Avjāv, *m.*, coming and going, traffic.

Av-o, -ī, -uñ, *adj.*, like this, such, so.

Ayarkūṭ, *m.*, pr. n. of a man.

Ayāz, *m.*, pr. n. of a man.

Ayodhyā, *m.*, Province of Oude.

B and Bh (બ and ભ).

Bachāv, *m.*, preservation, deliverance.

Bachpaṇuñ, *n.*, childhood.

Bachvuñ, *v. intr.*, to escape.

Bād, *adv.* and *postp.* (Ar. بعد), after, afterwards.

Badh-o, -ī, -uñ, *adj.*, all.

Bāhādūr, *adj.*, brave, gallant ; *m.*, a hero (Pers. بهادر).

Bāhādurī, *f.*, bravery, courage (Pers. بهادری).

Bahānuñ, *n.*, excuse, pretext.

Bahār, *m.*, district of Behār.

Bāhār } *adv.*, out, outside ; *b. paḍ-*
Baher } *vuñ*, to issue, happen, result, turn out.

Bahu, *adj.*, many, much.

Bahvuñ, *v. intr.*, to flow, pour.

Bāiḍī, *f.*, a lady, a woman, a wife.

Bajār, *n.* (Pers. بازار), street, market, *bāzār.*

Bājū, *f.* (Pers. بازو), side ; *adv.*, to one side, aside ; *b. thavuñ*, to go aside, get out of the way.

Bakheḍo, *m.*, tumult, quarrel, contention.

Bākī, *f.*, the remainder (Ar. باقي) ; *adj.*, remaining.

Baḷ, *n.*, power, strength, might.

Bāḷak, *n.*, a child, a boy.

Baluchistān, *n.*, Balūchistān (Beloochistan).

Baḷvuñ, *v. intr.*, to be on fire, to burn, be burnt.

Bāḷvuñ, *v. tr.*, to set on fire, burn ; *intens.*, *b. nāñkhvuñ.*

Banāras, *n.*, city of Benares.

Banāv, *m.*, event, accident ; accord.

Banāvaṭ, *f.*, an invention.

Banāvavuñ, *v. tr.*, to do, make.

Banḍ, *n.*, rebellion, insurrection ; *b. uṭhāvavuñ*, to stir up rebellion.

Bandhāvuñ, *v.* (pass. of Bāndhvuñ, *q. v.*), to be bound, to be built ; *Bandhāī gaelā lohīthī*, from clotted blood.

Bandhe, *adj.*, both.

Bāndhvuñ, *v. tr.*, to tie, bind ; to build, to set up.

Bandīkhānuñ, *n.* (bandī + Pers. خانه), prison.

Bandīvan, *m.*, a prisoner.

Bangāḷā, *m.*, Province of Bengal.

Banne, *adj.*, both (*also* Bandhe).

Banvuñ, *v. intr.*, to come to pass, to happen, take place; to be made, to be done.

Bāp, *m.*, father.

Bār, *num. adj.*, twelve.

Barābar, *adj.* (Pers برابر). right, exact, equal, adequate.

Bārm-o, -ī, -uñ, *num. adj.*, twelfth.

Barobar, *adj.* (*v.* barābar), equal.

Basro, pr. n. (Ar. بصرہ), the city of Basra.

Batāvavuñ, *v. tr.*, to explain, state, show.

Bāyḍī, *f.* (*vide* Bāiḍī), a woman, wife.

Be, *adj. num.*, two; *be be*, two each, two by two.

Bedarkārī, *f.* (Pers. بی‌درکاری), indifference, carelessness.

Beḍī, *f.*, a fetter, manacle.

Beḍnor, *n.*, pr. n. of a place.

Begam, *f.* (Pers. بیگم), woman's title, wife of a *beg*, princess.

Beher-o, -ī, -uñ, *adj.*, deaf.

Berām, *m.* (Pers. بہرام), pr. n. of last king of Ghaznī.

Besāḍvuñ, *v. tr.*, to cause to sit, seat, set.

Besvun, *v. intr.*, to sit down (*v. irreg. vv.*).

Beṭī, *f.*, a daughter.

Bevakuf, *adj.* (Pers. بی‌وقوف), senseless, silly.

Bhāḍuñ, *n.*, hire, fare, rent.

Bhāg, *m.*, part, portion, division, share.

Bhāgī, *f.*, a girl's proper name.

Bhagvāndās, *m.*, pr. n. of a king of Jaipur.

Bhāgvuñ, *v. tr.*, to break, shatter; *intens.*, *bhāgī nāñkhvuñ*.

Bhāī, *m.*, brother, cousin.

Bhakti, *f.*, prayer, adoration, worship.

Bhanḍol, *m.*, capital, stock, fund.

Bhāngvuñ, *v. tr.*, to break, shatter.

Bhaṇī, *postp.*, towards, -ward.

Bhanjghaḍ } *f.*, intricacy, discussion, altercation.
Bhanjgaḍ }

Bhaṇvuñ, *v. tr.*, to learn.

Bharavaṭīo, *m.*, a beam of wood.

Bhāre, *adj.*, heavy.

Bhārmal, *m.*, pr. n. of a King of Jaipur.

Bharoso, *m.*, hope, confidence; *tene . . . b. beṭho*, he had confidence.

Bhartār } *m.*, a husband.
Bharthār }

Bharvuñ, *v. tr.*, to fill.

Bhāśā, *f.*, speech, language.

Bhāśaṇ } *n.*, a speech, an address.
Bhāshaṇ }

Bhāṭiā, *n.*, pr. n. of a town.

Bhatrijo, *m.*, a brother's son, nephew.

Bhay, *m.*, fear, dread; danger.

Bhet, *f.*, an interview.

Bhetvuñ, *v. tr.*, to meet, to embrace.

Bhevād, *n.*, pr. n. of a city.

Bhīkārī, *m.*, a beggar.

Bhīkh, *f.*, beggary, begging; *b. māgvī*, to beg.

Bhīmdev, *m.*, pr. n. of a Hindū.

Bhīmī, *f.*, pr. n. of a woman.

Bhomiyo, *m.*, a guide.

Bhul, *f.*, a blunder.

Bhulchuk, *f.*, error and omission.

Bhut, *m.*, an evil spirit, goblin, ghost.

Bī, *conj.* (Urdū بهی), also, too.

Bījāpur, *n.*, pr. n. of a town.

Bijo, -ī, -uñ, *num. adj.*, second, other.

Bilkul } *adv.* (Ar. بِالْكُل), altogether.
Bilkull }

Binā, *f.*, circumstance, event.

Bokhārā, *m.*, the district of Bukhārā (Pers. بخارا).

Bol, *m.*, a word.

Bolāvavuñ, *v. tr.*, to call, summon.

Bolvuñ, *v. tr.* and *intr.*, to speak, to say.

Brāhmaṇ, *m.*, a Brāhmaṇ.

Bum, *f.* (Pers. بانگ, often pronounced *būng*), a noise, shout, cry; *b. mārvī* or *b. pāḍvī*, to cry out, shout.

Ch and chh (ચ and છ).

Chaḍhāī, *f.*, an ascent, assault, incursion.

Chaḍhvuñ, *v. intr.*, to ascend, mount up; *intens.*, *-javuñ*, *āvavuñ*.

Chākar, *m.*, a servant (Pers. چاکر).

Chākarī, *f.* (Pers. چاکری), service, position.

Chāl, *f.*, gait; conduct, walk.

Chālākī, *f.*, cleverness, cunning (Pers. چالاکی).

Chalāvavuñ, *v. tr.*, to cause to go, send off, fire (a gun), set going, circulate.

Chālī, *f.*, a number of houses (small) in one block (chawl).

Chāḷīs, *num. adj.*, forty.

Chaḷkāṭ, *m.*, brightness, brilliancy.

Chālu, *adj.*, in motion, moving; current.

Chālvuñ, *v. intr.*, to go, walk; to keep on, to last; to be current; *chālto mahino*, the present month.

Chamatkār, *m.*, a miracle, a wonder.

Chāmuṇḍ, *n.*, pr. n. of a city.

Chāndbībī, *f.*, pr. n. of a queen of Aḥmadnagar.

Chandr, *m.*, the moon.

Changām, *n.*, name of a place.

Charitra, *n.*, narrative, memoir.

Chaud, *num. adj.*, fourteen.

Chelo, *m.*, a disciple, follower.

Cherkulī, *n.*, pr. n. of a place.

Chetavaṇī, *f.*, a caution, a warning.

Chhān-o, -ī, -uñ, secret, private.

Chhaṭā, *f.*, style (of speaking).

Chhaṭādār, *m.*, one possessed of style.

Chhaṭhṭh-o, -ī, -uñ, *adj.*, sixth.

Chhe, *v.*, is, are (3rd sing. and pl. and 2nd sing. of $\sqrt{\text{chha}}$, *q. v.* gr.).

Chheḍo, *m.*, limit, boundary, end.

Chhek, *adv.*, at length, quite.

Chhell-o, -ī, -uñ, *adj.*, the last.

Chhīnăvavuñ, *v. tr.*, to snatch away (*intens.* chh. levuñ).

Chhoḍavavuñ, *v. tr.*, to deliver, rescue.

Chhoḍvuñ, to leave, abandon, cease; *chhoḍī devuñ*, intensative.

Chhokr-o, *m.*, -ī, -uñ, a boy (girl, child), son (daughter).

Chhuñ, *v.* (1st sing. of $\sqrt{\text{chha}}$, *v.* gr.), am.

Chhuṭ-o, -ī, -uñ, *adj.*, free; *chh. mukvuñ* or *karvuñ*, to set free.

Chhuṭvuñ, *v. intr.*, to get free, be delivered, escape.

Chīchārī } *f.*, a scream, yell; *c.*
Chichiārī } *pāḍvī*, to scream.

Chīrvuñ, *v. tr.*, to tear, rip; *chīrī nāñkhvuñ*, to rip up, *intens.*

Chitoḍ, *n.*, pr. n., Chitore (town).

Chittākarshak, *adj.*, heart-attracting.

Chohāṇ, *m.*, name of a family of Rajpūt kings of Ajmere.

Chokas, *adj.*, precise, exact.

Chokasāī, *f.*, caution, care, carefulness; exactness, precision.

Choth-o, -ī, -uñ, *adj.*, fourth.

D soft and dh (દ and ધ).

Dādo, *m.*, a paternal grandfather.

Dago, *m.* (Ar. دغا), deceit, treachery, perfidy.

Dahāḍo } *m.*, a day.
Dāhāḍo }

Dāhīr, *m.*, pr. n., Dāhīr.

Dākhal, *adj.*, entering (Ar. داخل); *dākhal thavuñ*, to enter; *d. karvuñ*, to cause to enter.

Dakhaṇ, *f.*, the south, the Deccan.

Dakshiṇ, *f.*, the south; the Deccan: *adj.*, southern.

Damāskas, *n.*, pr. n., the city of Damascus.

Dāniyāl, *m.*, Daniel, pr. n. of 3rd son of Emperor Akbar.

Dānt, *m.*, tooth.

Dārā, *m.*, pr. n. of one of Aurangzeb's brothers.

Darbār, *f.*, a levee, audience, (at court).

Darek, *adj.* (Pers. دریک), each, every.

Dariā, *f.*, the sea.

Dariāī, *adj.*, marine.

Dārūḍīo, *m.*, a drunkard.

Darust, *adj.* (Pers درست), correct, right.

Darvājo, *m.* (Pers. دروازه), a door, a gate; a doorway.

Das / Daś, ten; *das kalāke*, at ten o'clock.

Dās, *m.*, a slave, a servant.

Dasm-o, -ī, uñ, tenth.

Dattak, *m.*, an adopted son.

Dāṭvuñ, to bury.

Dayā, *f.*, mercy, pity.

Dayāḷu, *adj.*, merciful.

Dekhāḍvuñ, *v. tr.*, to cause to see, to show.

Dekhāītuñ, *adj. n.*, apparent, visible.

Dekhāv, *m.*, appearance, sight, a vision.

Dekhvuñ, *v. tr.*, irregular (*v.* gr.), to see, perceive.

Deheruñ / Debaruñ, *n.*, a temple, pagoda.

Deś, *m.*, country, land.

Dev, *m.*, a deity, a god.

Devalnagar, *n.*, pr. n., old name of Karāchī.

Devavāṇī, *f.*, a divine voice, a (heathen) oracle.

Dhaṇī, *m.*, master, owner.

Dhāraṇ, *n.*, market price; holding; taking up: *d. karvuñ*, to adopt (a title), assume.

Dharm, *m.*, religion.

Dharmguru, *m.*, religious teacher, priest.

Dhāro, *m.*, law, rule; custom, manners: *dhāro paḍyo*, the law (custom) was established.

Dhārvuñ, *v. tr.*, to set, fix; to think, consider.

Dhartī, *f.*, the earth.

Dhartīkanp, *m.*, an earthquake.

Dhikkār, *m.*, disdain, scorn; hatred.

Dhīre, *adj.*, slowly.

Dhob(h)ī Talāv, name of a part of Bombay, Dhobī Talāo.

Dhyān, *n.*, attention; *d. āpvuñ* (— upar), to pay attention to.

Dīdh-o, -ī, -uñ (part. of Devuñ), *v.* gr., irregular verbs.

Dīkro, *n.*, a son.

Dīkrī, *f.*, a daughter.

Dilhī, *n.*, the city Delhi.

Din, *m.*, a day.

Diśā, *f.*, state, condition.

Dīṭh-o, -ī, -uñ, *v.* (part. of Dekhvuñ, q. v.), seen.

Dīvān-o, -ī, -uñ, *adj.* (Pers. دیوانه), mad; *dīvāno*, subs. *m.*, a madman.

Divas, *m.*, a day.

Doḍvuñ, *v. intr.*, to run.

Dolat, *f.*, wealth (Ar. دولة).

Dravya, *n.*, wealth, property.

Duhkh (દુઃખ), *n.*, pain, suffering, distress.

Duniyāñ / Duniyā / Duniā, *f.* (Ar. دنيا), the world, the present world.

Dūr, *adj.*, distant, far.

Duśman, *m.*, enemy (Pers. دشمن).

Dūt, *m.*, a messenger, an angel.

Duvāī, *f.*, prayer, blessing (Ar. دعا); *d. feravavuñ*, to have prayers offered for himself in the mosques, as sign of his being emperor.

Ḍ hard and ḍh (ड and ढ).

Ḍāb-o, -ī, -uñ, *adj.*, left (side, hand).

Ḍhaglo, *m.*, a large heap, accumulation.

Ḍhab } *f.*, style, air, method;
Ḍhap } idiom.

Ḍhongī, *m.*, religious pretender, hypocrite.

Ḍoḷo, *m.*, eye; sight.

E (એ).

E, *demonst. adj.*, that.

-e, postp. (see gr.), in, at, by (agent.).

-e, affix, sometimes adds emphasis, as *eke*, 'even one;' 'just one:' *traṇe*, 'all three,' &c.

Ebn Hāreth, *m.*, pr. n. (Ar. ابن حارث), Ibn Ḥārith, surname of Zaid, q. v.

Ek, *num. adj.*, one; a.

Ekānt, *f.*, a private place, privacy: *ekāntno* (*nī*, *nuñ*), private.

Ekāntī, *adj.*, belonging to privacy, private.

Ekdam, *adv.* (ek + Pers. دم), at once, instantly.

Ekmek, *adj.*, mixed, mutual; one another.

Ekṭh-o, -ī, -uñ, *adj.*, together, collected; — *karvuñ*, to collect.

Elchī, *m.* (Turk. ايلچى), an ambassador.

Em, *adv.*, thus, so, in this way.

Eṭle, *particle*, then, that is to say.

Eṭlo, -ī, -uñ, *adj.*, so much, thus much: *eṭlāmān*, meanwhile: *eṭle*, then; that is to say, *viz.*

Ev-o, ī, -uñ, *adj. pr.*, such as this; thus.

F (ફ or ફ઼).

Fakat, *adv.*, only, simply (Ar. فقط).

Fariād } *f.*, complaint, supplica-
Fariyād } tion, (*Pers.* فرياد).

Farīthī, *adv.*, again, once more.

Farvuñ, *v. intr.*, to turn, to move about, to travel, perambulate.

Fateh, *f.* (Ar. فتح), victory.

Fāvavuñ, *v. intr.*, to succeed; to find convenient.

Felāvavuñ, *v. tr.*, to spread, cause to spread, cause to extend.

Feravavuñ, *v. tr.*, to cause to turn, to turn; to circulate, to run a trap (for hire).

Firdosī, *m.*, pr. n. of the great

Persian Poet (author of Shāh-nāmeh).

Foj, *f.*, army (Ar. فوج); *Polīs foj*, police force.

G and gh (ગ and ઘ).

Gabhrāvuñ, *v. intr.*, to be confused.

Gādi, *f.*, a throne.

Gāḍī, *f.*, a carriage (of any sort).

Gaznavī } *adj.*, Ghaznavite.
Gajhnavi }

Gakhkar, *m.*, name of a mountain tribe in the north of the Panjāb.

Galī, *f.*, a lane.

Gām, *n.*, a village.

Gāmḍuñ, *n.*, a small village, hamlet.

Game, *conj.*, even if, although.

Gaṇāvuñ, *v.* (pass. of gaṇvuñ, q.v.), to be accounted.

Ganān, *n.* (corr. fr. jnān), knowledge.

Gaṇvuñ, *v. tr.*, to count, reckon.

Garhasth, *m.* (*v.* grihasth), a gentleman.

Garīb, *adj.* (Ar. غريب), poor, humble.

Garvishṭ, *adj.*, proud, haughty.

Gayo, gaī, gayuñ, *v.* (past of javuñ, irreg.), *v.* gr.

Gera-upayog, *m.* (Hybrid, Ar. غير + up.), uselessness.

Gervājabī, *adj.* (Ar. غير + واجبي), improper.

Ghaṇīkvār, *adv.*, pretty often, several times.

Ghaṇ-o, -ī, -uñ, much, many.

Ghaṇ-o khar-o, *adj.*, very many.

Ghaṇto, *m.*, a belt.

Ghar, *n.*, a house; household.

Gharḍ-o, -ī, -uñ, *adj.*, old, aged, advanced in years.

Gharḍāvarḍāo, *m. pl.*, ancestors, forefathers.

Ghusvuñ, *v. intr.*, to push one's way in.

Gher (for ghare), in, to a house; home, at home.

Ghoḍāvāḷo, *m.*, a horsekeeper, groom, driver.

Ghoḍo, *m.*, a horse: *ghoḍe*, on a horse.

Ghor, *m.* (Pers. غور, wild ass), appellation of Bahrām, king of Ghaznī.

Ghorī, *adj.*, belonging to, descendant from Bahrām Ghor.

Ghuṭaṇ, *m.* } a knee: *ghuṭṇīe paḍvuñ*, to fall on one's knees, to kneel down.
Ghuṭṇī, *f.* }

Gijhnī, the city of (غزني) Ghaznī.

Govaḷkoṇṭā, *n.*, name of a fortress in the Deccan.

Gufā, *f.*, a cave.

Grihasth, *m.*, a gentleman.

Gujarāt, *n.*, name of a city and province.

Gujārvuñ, *v. tr.*, to cause to pass, to cause to come upon.

Gulām, *m.* (Ar. غلام), a male slave.

Gulāmḍī, *f.*, *dim.*, a female slave.

Guṇ, *m.*, qualities, attributes, virtues.

Gusse, *adj.* (Hind. غصّے from Ar. غصّہ), angry.

Gvāliyar, *n.*, the city of Gwalior.

H (ہ).

Habsī } Habśī } *adj.*, negro (Ar. حبشي).

Haidrābād, *n.*, city of Ḥaidarābād.

Hājar, *adj.* (Ar. حاضر), present, in attendance.

Hajār, *num.*, a thousand (P. هزار).

Hajrat, *m.* (Ar. حضرة), word used to show respect among Muhammadans, as *S'ri* among Hindūs, His Highness, Saint.

Hākem, *m.* (Ar. حاكم), ruler, governor.

Hāl, *adv.* (Ar. حال, state), at present, now.

Hālat, *f.*, state, condition (Ar. حالة).

Haḷve, *adv.* (often *doubled*), gently, gradually, slowly.

Hame, *pron.*, we, *v.* gr. (*ame* is the better form in Guj.).

Hamṇāñ, *adv.*, now, at present.

Hānī } Hāṇī } *f.*, loss, injury, damage.

Hāñkvuñ, *v. tr.*, to drive, urge; H. *kāḍhvuñ*, expel.

Hāñsal (corr. from Ar. حاصل) karvuñ, *v. tr.*, to gain, acquire, attain to.

Hār, *f.*, a defeat; *h. khāvī*, to be defeated.

Harakat, *f.* (Ar. حركة), hindrance, difficulty.

Harakh, *m.*, joy, rapture.

Harāvavuñ, *v. tr.*, to defeat.

Harīf, *m.* (Ar. حريف), rival.

Hārvuñ, *v. intr.*, to be defeated.

Haśe, *v.*, 3rd sing. fut. of *hovuñ*, to be, *v.* gr.

Hāśim } Hāśem } *m.*, proper name of an Arab, *Hāshim*.

Hasvuñ, *v. intr.*, to laugh.

Hāth, *m.*, hand; authority.

Haṭh, *f.*, obstinacy.

Hat-o, -ī, -uñ, *v. intr.*, was (from *hovuñ*, q. v.).

Hāthī, *m.*, an elephant.

Have, *adv.*, now, at this time.

Hemu, *m.*, pr. n. of a *wazīr*.

Himat, *f.* (Ar. همّة), boldness; courage. *Himat bharelo vichār*, a bold thought.

Hindu, *m.*, a Hindū.

Hindustān, *n.*, pr. n., India, Upper India.

Hīrā, pr. n. (Ar. حراء) of a cave near Mecca.

Hisāb, *m.* (Ar. حساب), account, reckoning.

Hokins, *m.*, Captain Hawkins.

Holvavuñ, *v. tr.*, to extinguish, put out.
Holvāvuñ, *v. pass.*, to be extinguished : *h. javuñ* (intens.).
Hot (see *hovun* and gr. s. v.).
Hot-o, -ī, uñ, *v. intr.*, was (form of *hato* sometimes used after neg. *na*, *v.* gr.).
Hovuñ, *v. intr. aux.*, to be, to become, *v.* gr.
Humāyuñ, *m.*, pr. n. of an emperor, father of Akbar.
Hukūmat, *f.* (Ar. حکومه), rule.
Hukm, *m.* (Ar. حُکْم), command, order.
Humlo, *m.* (Ar. حمله), an attack, assault.
Huñ, *pers. pr.*, I (*v.* gr.).
Hunnar, *m.* (Pers. هُنَر), an art, skill.

I, and Ī (ઇ and ઈ).

Ichchhā, *f.*, a wish, desire.
Ijā, *f.*, injury, trouble (Ar. ایذا).
Ijan, *n.* (Ar. اِذْن), an invitation.
Imān, *n.* (Ar. ایمان), faith, belief.
Imārat, *f.* (Ar. عمارة), a building.
Inglānd, *n.*, pr. n., England.
Insāfī, *adj.* (from Ar. اِنْصاف), just.
Irān, *m.*, pr. n., Irān, Persia.
Irānī, *adj.*, Persian.
Isā, *m.*, pr. n., Jesus (Ar. عیسیٰ).
Isavī, *adj.* (عیسوی), Christian : *Īsavī san* (or ઈ. સ.), Christian Year, = A.D.
Īśu, *m.*, pr. n., Jesus (Ar. یَسُوع).
Īśvar, *m.*, God.
Īśvarī, *adj.*, divine.

J and Jh (જ and ઝ).

J, affix, adding emphasis, equivalent to *indeed* or to *italicisation*.
Jabrīyel, *m.*, pr. n. (Ar. جبرئیل), the angel Gabriel.
